પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૧૫૮, કુલ પાના:૪, તારીખ: ૨૭-૦૨-૨૦૨૧ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 158 PRICE :-RS. 1.50 DATE : 27-02-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### વિધાનસભા ચૂંટણી: પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ આઠ તબક્કામાં મતદાન યોજાશે

## પશ્ચિમ બંગાળ સહિત પાંચ રાજ્યોની ચૂંટણીનો શંખનાદ




ન્યુ દિલ્હી,

પાંચ રાજયમાં ચૂંટણીની તારીખોની જાહેરાત થઈ ગઈ છે. આ રાજયોમાં પશ્ચિમ બંગાળ, કેરળ, તમિલનાડુ, આસામ અને પુડુચેરીનો સમાવેશ થાય છે. મુખ્ય ચૂંટણી વડા સુનીલ અરોડાએ શુક્રવારે ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરી હતી. આ કાર્યક્રમ પ્રમાણે મતદાનની શરૂઆત પશ્ચિમ બંગાળ અને આસામથી થશે. આ બન્ને રાજયમાં પ્રથમ તબક્કાનું મતદાન ૨૭ માર્ચના રોજ યોજાશે. પાંચ રાજ્યોમાં મતગણતરી ૨ મેના રોજ થશે. પશ્ચિમ બંગાળમાં સૌથી વધારે ૮ તબક્કામાં ચૂંટણી યોજાશે. આસામમાં ૩ તબક્કામાં અને અન્ય ત્રણ રાજ્યોમાં એક તબક્કામાં ચૂંટણી યોજાશે.

મુખ્ય ચૂંટણી કમિશનરે કહ્યું કે, આસામમાં ૩ તબક્કામાં વિધાનસભા ચૂંટણી થશે. પહેલા તબક્કામાં ૪૭ સીટો પર ૨૭ માર્ચથી વોટિંગ થશે. બીજા તબક્કાની ૪૯ સીટો પર ૧ એપ્રિલના વોટિંગ થશે. ત્રીજા તબક્કાની ૪૦ સીટો પર ૬ એપ્રિલના વોટિંગ થશે અને તમામ જગ્યાઓ પર ૨ મેના પરિણામો જાહેર થશે. તો કેરળમાં ૧૪ જિલ્લાની ૧૪૦ વિધાનસભા સીટો પર એક જ તબક્કામાં ૬ એપ્રિલના ચૂંટણી થશે.

પોન્ડિચેરીમાં ૬ એપ્રિલના વોટિંગ થશે અને ૨ મેના પરિણામો આવશે. તમિલનાડુ અને કેરળમાં ફક્ત એક જ તબક્કામાં મતદાન થશે. અહીં મતદાન ૬ એપ્રિલના થશે. આ જ રીતે કેરળમાં પણ ૬ એપ્રિલના જ મતદાન થશે. પોંડિચેરીમાં એક તબક્કામાં જ મતદાન થશે અને ૨ મેના પરિણામો આવશે. તો પશ્ચિમ બંગાળમાં ૮ તબક્કામાં મતદાન થશે. બંગાળમાં ૨૭ માર્ચના પહેલા તબક્કાનું મતદાન થશે. બીજા તબક્કામાં ૧ એપ્રિલના મતદાન થશે.

ઉલ્લેખનીય છે કે ૪ 'મે'થી બૉર્ડની પરીક્ષાઓ શરૂ થવા જઈ રહી છે. આને જોતા ચૂંટણી પંચે ૫ રાજ્યોમાં ૧લી 'મે'થી પહેલા ચૂંટણી કાર્યક્રમ પૂર્ણ કરવાનો પ્લાન બનાવ્યો છે. ચૂંટણી પંચે કહ્યું કે, તમામ ચૂંટણી અધિકારીઓનું રસીકરણ થશે. આસામમાં આ વખતે ૩૩ હજારથી વધારે પોલિંગ સ્ટેશનો હશે, તમિલનાડુંમાં ૮૮ હજારથી વધારે પોલિંગ સ્ટેશન હશે. પશ્ચિમ બંગાળમાં ૧ લાખ ૧ હજારથી વધારે પોલિંગ સ્ટેશન હશે. કેરળમાં ૪૦ હજારથી વધારે પોલિંગ બૂત હશે. પોંડિચેરીમાં ૧૫૦૦થી વધારે પોલિંગ બૂથ હશે.

આ વિધાનસભા ચૂંટણીમાં ૧૮ કરોડથી વધારે મતદારો વોટિંગ કરશે. કુલ ૮૨૪ વિધાનસભા સીટો પર મતદાન થશે. દરેક જગ્યાએ મતદાન કેન્દ્ર ગ્રાઉન્ડ ફ્લોર પર હશે. આનાથી કોઈ સમજૂતી કરવામાં નહીં આવે. ઉમેદવારોને ફક્ત ૫ લોકો સાથે જ ઘરેઘરે જઈને ચૂંટણી પ્રચાર કરવાની અનુમતિ હશે. વિધાનસભા ચૂંટણી દરમિયાન પર્યાપ્ત માત્રમાં કેન્દ્રીય સુરક્ષાદળોને આ ૫ રાજ્યોમાં તૈનાત કરવામાં આવશે. સંવેદનશીલ બૂથોની ઓળખ કરી લેવામાં આવી છે તેવું મુખ્ય ચૂંટણી કમિશનરે જણાવ્યું. તમામ પોલિંગ સ્ટેશનો પર પીવાના પાણી, વીજળી, વેઈટિંગ એરિયા, સેનિટાઈઝર, માસ્ક, સાફ પાણી, વ્હિલ ચેર વગેરેની વ્યવસ્થા કરવામાં આવશે.

ચૂંટણી પંચે કહ્યું કે, પોંડિચેરીમાં ઉમેદવારોને મહત્તમ ૨૨ લાખ રૂપિયા ખર્ચ કરવાની પરવાનગી હશે. બાકીના ૪ રાજ્યોમાં ૩૮ લાખ રૂપિયાની અધિકતમ સીમા હશે.ઉલ્લેખનીય છે કે ૨૪ મે ૨૦૨૧ના તમિલનાડુમાં વિધાનસભા કાર્યકાળ સમાપ્ત થઈ રહ્યો છે. પશ્ચિમ બંગાળમાં ૩૦ મેના વિધાનસભા કાર્યકાળ સમાપ્ત થઈ રહ્યો છે. આસામમાં ૩૧ મેના વિધાનસભા કાર્યકાળ સમાપ્ત થઈ રહ્યો છે.

★ પશ્ચિમ બંગાળ-આસામમાં પ્રથમ તબક્કાનું મતદાન ૨૭ માર્ચે યોજાશે, પાંચ રાજ્યોના ચૂંટણી પરિણામ ૨મેના રોજ જાહેર થશે.
★ પુડુચેરી-કેરળ,તમિલનાડુમાં છ એપ્રિલના રોજ મતદાન યોજાશે.
★ આસામમાં ત્રણ તબક્કામાં, તમિલનાડુ,પુડુચેરી અને કેરળમાં એક તબક્કામાં મતદાન યોજાશે.
★ ૫ રાજ્યમાં ૮૨૪ વિધાનસભા બેઠક, આ વખતે ૧૮.૬૮ કરોડ મતદાતા.
★ પોલિંગ સ્ટાફનું વેક્સિનેશન કરવામાં આવશે, ચૂંટણી પ્રચાર માટે પણ નિયમોનું પાલન કરવું પડશે અને ૨.૭ લાખ મતદાન કેન્દ્ર,મતદાનનો સમય ૧ કલાક વધારે રહેશે.
★ પશ્ચિમ બંગાળમાં આઠ તબક્કામાં મતદાન: ૨૭ માર્ચે પ્રથમ તબક્કા, ૧ એપ્રિલ, ૬ એપ્રિલ, ૧૦ એપ્રિલ, ૧૭ એપ્રિલ, ૨૨ એપ્રિલ, ૨૬ એપ્રિલ, ૨૯ એપ્રિલ.

### ૨૮ ફેબ્રુઆરીને રવિવારે ૫,૪૮૧ બેઠકો માટે મતદાન

## પાલિકા અને પંચાયતોમાં પ્રચાર પડઘમ થયો શાંત: ૨૨,૧૭૦ ઉમેદવારો મેદાને

ગાંધીનગર,

૬ મ્યુનિસિપલ કોર્પોરેશન બાદ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં બીજા તબક્કે પાલિકા-પંચાયતો માટે ૨૮ ફેબ્રુઆરીને રવિવારે ૫,૪૮૧ બેઠકો માટે મતદાન યોજનાર છે. આ ચૂંટણીમાં ભાજપ- કોંગ્રેસ સહિત ૨૨,૧૭૦ ઉમદેવારો મેદાને છે. મહાનગરોથી તદ્દન વિપરિત સમીકરણો વચ્ચે ગ્રામિણ અને અર્ધ શહેરી ક્ષેત્રોની ચૂંટણી હકિકતમાં વિધાનસભા ચૂંટણીની પારાશીશી કહેવાય છે.

છ શહેરોમાં કોંગ્રેસના રકાશ અને ભાજપના યુવા ઉમદેવારોના વિજય પછી આ બંને પક્ષના ધારાસભ્યોએ પોતાના મુળિયા ઊંડા કરવા છેલ્લી ઘડીએ એડીચોટીનું જોર અજમાવ્યુ છે. સુરતમાં આપ અને અમદાવાદમાં એ.આઈ.એમ.આઈ.એમ. ની એન્ટ્રી બાદ ભાજપ- કોંગ્રેસના નેતાઓએ ૨૧ મહિના પછી ડિસેમ્બર- ૨૦૨૨માં યોજનારી વિધાનસભા ચૂંટણીને નજર સામે રાખીને ચૂંટણી પ્રચાર કર્યો હતો. શુક્રવારે પણ અનેક જિલ્લાઓના ગ્રામ્ય વિસ્તારોમાં બાઈક રેલી, સભાઓનું આયોજન કરવામા આવ્યુ છે. તો બીજી તરફ રવિવારે પોતાના તરફ મતદાન માટે બુથ લેવલે માઈક્રો પ્લાનિંગ થઈ રહ્યુ છે.

૩૧ જિલ્લા અને ૨૩૧ તાલુકા પંચાયત તેમજ ૮૧ નગર પાલિકાઓમાં રવિવારે યોજનારા મતદાન માટે ચૂંટણી ૨ કરોડ ૯૭ લાખ ૨૯ હજાર ૮૭૧ મતદારો નોંધાયેલા છે. આ ચૂંટણીમાં ૧૨,૩૩૪ મતદાન મથકો સંવેદનશીલ, અતિ સંવેદનશીલ છે. રવિવારે શાંતિપૂર્ણ માહોલમાં મુક્ત અને ન્યાયી મતદાન વ્યવસ્થા માટે ૭૪,૨૧૪થી વધુ પોલીસ બંદોબસ્ત તૈનાત કરવામાં આવી રહ્યો છે. દોઢ-બે દાયકામાં ગુજરાતમાં પહેલીવાર પાલિકા- પંચાયતોમાં હરિફ પક્ષના ઉમેદવારોને ધાક- ધમકી આપીને, લોભ લાલચ આપીને મોટાપાયે ઉમેદવારી ફોર્મ પાછા ખેંચાવવામા આવ્યા છે. જેના કારણે ભાજપ- કોંગ્રેસ અને અન્ય અપક્ષ ઉમેદવારોના ટેકેદારો વચ્ચે પોલીસ ફરિયાદો પણ નોંધાઈ છે. કેટલાક કિસ્સાઓમાં તો ચૂંટણી અધિકારીઓની તટસ્થા સામે જ સવાલો ઉઠતા હાઈકોર્ટને આદેશો આપવા પડયા છે.

## ફાયર સેફટીનું પાલન કરો અથવા હોસ્પિટલ બંધ કરો: ગુજરાત હાઈકોર્ટ



અમદાવાદ,

શ્રેય હોસ્પિટલમાં અગ્નિકાંડ બાદ ફાયર સેફટીની અમલવારી મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલી જાહેરહિતની અરજી મુદ્દે ગુજરાત હાઈકોર્ટે અમદાવાદ હોસ્પિટલ અને નર્સિંગ એસસોશિએશનને નિર્દેશ આપતા કહ્યું કે ફાયર સેફટીનું પાલન કરો અથવા હોસ્પિટલ બંધ કરો. ગુજરાત હાઈકોર્ટે મૌખિક અવલોકન કરતાં રાજ્ય સરકાર અને મ્યુનિસિપલ કોર્પોરેશનને ફાયર સેફટી વગરની ઈમારતો, ફેકટરીઓ, શાળાઓ અને હોસ્પિટલ સામે કડક કાર્યવાહી કરવાનો આદેશ કર્યો છે. શ્રેય હોસ્પિટલ ફરીવાર શરૂ કરવાની રજૂઆત પણ ગુજરાત હાઈકોર્ટ દ્વારા ફગાવી દેવામાં આવી છે. રાજ્યમાં ૫૦ હજારથી વધુ ઈમારતો પાસે ફાયર સેફટી ન હોવાના આંકડા પર હાઈકોર્ટે ચિંતા વ્યક્ત કરી હતી.

અગાઉની સુનાવણી દરમિયાન ગુજરાત હાઈકોર્ટે અમદાવાદમાં ફાયર NOC ન ધરાવનાર ૧૫૧ હોસ્પિટલોને નોટિસ પાઠવવાનો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને આદેશ કર્યો હતો કોર્ટે કહ્યું હતુ કે જો આ આદેશ પછી પણ હોસ્પિટલો ફાયર એનઓસી ન મેળવે અને નિયમોનું પાલન ન કરે તો આ હોસ્પિટલોમાં દર્દીઓને પણ દાખલ કરી શકાશે નહી. ગુજરાત હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ૧૫મી ડિસેમ્બર ૨૦૨૦ના રોજ આપવામાં આવેલા નિર્દેશો પ્રમાણે ક્યાં પ્રકારના પગલાં લેવામાં આવ્યા તેનો સ્ટેટ્સ રિપોર્ટ રજૂ કરવાનો આદેશ કર્યો હતો. અમદાવાદ શહેરમાં કુલ ૨૨૪૯ હોસ્પિટલો આવેલા છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગત ૩૧મી ડિસેમ્બરના રોજ તમામ હોસ્પિટલોને ફાયર એનઓસી અને નિયમોનું પાલન કરવા માટે જાહેર નોટિસ પણ આપવામાં આવી હતી. જે મુજબ ૧૫ દિવસમાં નિયમોનું પાલન કરવાનુંહતું. અમદાવાદ શ્રેય કોવિડ હોસ્પિટલમાં થયેલા અગ્નિકાંડ બાદ ફાયર એનઓસીનું પાલન ન કરનાર હોસ્પિટલો સામે કાર્યવાહીની માંગ સાથે ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી દાખલ કરવામાં આવી હતી. શ્રેય હોસ્પિટલમાં આગની દુર્ઘટનાને લીધે ૮ લોકોના મોત નીપજ્યાં હતા.

## ભારત-ચીનના વિદેશમંત્રીઓ વચ્ચે ટેલિફોનિક વાતચીત થઈ: હોટલાઈન સ્થાપવા સંમતિ

ન્યુ દિલ્હી,

ચીન અને ભારત વચ્ચે લદ્દાખ મોરચેથી સૈન્ય પાછુ હટાવવા માટે થયેલી સમજૂતિ વચ્ચે આજે બંને દેશના વિદેશ મંત્રીઓ એસ જયશંકર અને વાંગ યી વચ્ચે ૭૫ મિનિટ સુધી ટેલિફોન પર વાતચીત થઈ હતી. એ પછી વિદેશ મંત્રાલયે કહ્યુ હતુ કે, ચીનને સંદેશો આપવામાં આવ્યો છે કે ગયા વર્ષે સરહદ પર સર્જાયેલા લશ્કરી તનાવના પગલે બંને દેશના દ્વિપક્ષીય સબંધો પર અસર પડી છે.જો ફરી બંને દેશો વચ્ચે હિંસા થઈ તો સબંધોવ ધારે ખરાબ થશે.બંને મંત્રીઓએ સતત એક બીજાની સાથે સંપર્કમાં રહેવા માટે અને એક હોટલાઈન સ્થાપવા માટે સંમતિ આપી છે.

### પેસેન્જર ટ્રેનમાંથી મોટા પ્રમાણમાં વિસ્ફોટક મળતા હડકંપ

## કેરળના કોઝીકોડમાં પેસેન્જર ટ્રેનમાંથી જિલેટિનની ૧૦૦ સ્ટીક, ૩૫૦ ડિટોનેટર કરાયા જપ્ત





કોઝિકોડ,

દેશના સૌથી ધનિક ઉદ્યોગપતિ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના ચેરમેન મુકેશ અંબાણીના નિવાસસ્થાન આગળથી વિસ્ફોટક એવા જિલેટિન ભરેલી સ્કોર્પિયો ગાડી મળી આવતા દેશભરમાં સનસનાટી મચી જવા પામી હતી. આ ઘટનાની હજી તપાસ આરંભાઈ જ છે ત્યાં કેરળમાંથી એક ટ્રેનમાંથી મહિલા પાસેથી જિલેટીન રોડ અને ડિટોનેટરનો જથ્થો મળી આવતા હડકંપ મચી જવા પામ્યો છે.

કેરળના કોઝીકોડ રેલવે સ્ટેશન પરથી એક પેસેન્જર ટ્રેનમાં વિસ્ફોટકોનો આખો જથ્થો મળી આવ્યો છે. રેલવે સુરક્ષા બળોએ ટ્રેનમાંથી એક મહિલા પાસેથી અધધ ૧૦૦થી પણ વધારે જિલેટિન રોડ અને ૩૫૦ જેટલા ડિટોનેટર્સ જપ્ત કર્યા છે.

ગઈ કાલે જ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીના મુંબઈના માલાબાર હિલ ખાતે આવેલા ઘરની નજીકથી જ એક ૨૦ જિલેટિન રોડ ભરેલી એક શંકાસ્પદ સ્કોર્પિયો કાર મળી આવતા સનસનાટી મચી જવા પામી હતી. આ ઘટનાના પડઘા હજી શાંત પણ નથી પડ્યાં ત્યાં કેરળના કોઝિકોડ ખાતેથી એક મહિલા ૧૦૦ જિલેટિન રોડ અને ૩૫૦ ડિટોનેટર્સ સાથે ઝડપાઈ છે. કોઝિકોડ રેલવે સ્ટેશન પર ચેન્નઈ-મંગલાપુર એક્સપ્રેસ – ૦૨૬૮૫માંથી વિસ્ફોટકોનો આખો જથ્થો મળી આવ્યો છે.

ટ્રેનમાં આટલી મોટી માત્રમાં વિસ્ફોટકો મળી આવતા પોલીસે મહિલાની ધરપકડ કરી છે. મહિલા તમિળનાડૂ જઈ રહી હ્તી. ટ્રેનમાં મહિલાની સીટ નીચેથી આ વિસ્ફોટકો મળી આવ્યા હતાં. મહિલા આ વિસ્ફોટકો કુવો ખોદવા માટે લીધા હોવાનું જણાવ્યું હતું. રેલવે પોલીસને મહિલાની આ વાત પર વિશ્વાસ નથી. જેથી મહિલાની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## કેનેડામાં નવા કૃષિ કાયદાના સમર્થનમાં રેલી નીકળી: ખાલિસ્તાનીઓએ આપી ધમકી



ઓટાવા,

ભારતના નવા કૃષિ કાયદા સામે શરુ થયેલા ખેડૂત આંદોલનના પડઘા કેનેડામાં પડી રહ્યા છે. હવે નવા કાયદાનુ સમર્થન કરનારા ભારતીય સમુદાયના કેટલાક લોકોને મળેલી ધમકી બાદ ભારતે કેનેડા સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો છે.વિદેશ મંત્રાલયે કહ્યુ છે કે, કેનેડાની સરકારે જેમને ધમકી મળી છે તેવા ભારતીય મૂળના નાગરિકોની સુરક્ષા પર ધ્યાન આપવુ જોઈએ.

ઉલ્લેખનીય છે કે, નવા કાયદાના સમર્થનમાં કેનેડામાં ભારતીય સમુદાય દ્વારા તિરંગા રેલી કાઢવામાં આવી હતી.એ પછી કેનેડામાં રહેતા ખાલિસ્તાની કટ્ટરવાદીઓ દ્વારા ભારતીય સમુદાયના લોકોને ધમકીઓ આપવામાં આવી રહી છે.

## વિપ્રો કર્મચારીઓની એક ભૂલને સિટીબેન્કને લાગ્યો ૬૬ અબજ રૂપિયાનો અધધ ચૂનો..!!

મુંબઈ,

ભારતની આઈટી કંપની વિપ્રોના બે કર્મચારીઓની ભૂલના લીધે અમેરિકાની સિટી બેન્કને મોટી નુકસાની ઝીલવી પડી છે. આ મામલો કોસ્મેટિક કંપની રેવલૉનની એક ટર્મ લોન સાથે જોડાયેલો છે. રેવલૉન સાથે જોડાયેલ લોન મામલામાં સિટી બેન્ક એડમિનિસ્ટ્રેટિવ એજન્ટ હતા. બેન્કને રેવલૉનને ઉધાર આપનારને ૭૮ લાખ ડોલરના વ્યાજના પૈસા આપવાના હતા. પરંતુ બેન્કે ભૂલથી અંદાજે ૯૦ કરોડ ડોલર (અંદાજે ૬૬ અબજ રૂપિયા) મોકલી દીધા. તેમાં મૂળધન પણ સામેલ હતું. આ બેન્કિંગ ઈતિહાસની સૌથી મોટી ભૂલોમાંથી એક હતી.

સિટી બેન્કે રેવલૉનના લોન એડમિનિસ્ટ્રેટિવ એજન્ટ તરીકે કામ કરતી ૧૦ નાણાંકીય કંપનીઓને ૯૦ કરોડ ડોલર મોકલ્યા હતા. આ કંપનીઓના કંસોર્શિયમે રેવલૉનને ટર્મ લોન આપી હતી. અસલમાં સિટી બેન્કને તેમણે ૭૮ લાખ ડોલરના વ્યાજના પૈસા આપવાના હતા. પરંતુ બેન્કે ભૂલમાંથી ૯૦ કરોડ ડોલર મૂળધન જ આ કંપનીઓને મોકલી દીધું. લેન્ડર્સે પૈસા આપવાની ના પાડી દીધી. આ મામલો કોર્ટમાં પહોંચ્યો. કોર્ટે કહ્યું કે જે લેન્ડર્સને સિટીબેન્કમાંથી પૈસા મળ્યા છે તે રાખવાના હકદાર છે. સિટીબેન્ક કોર્ટના આ નિર્ણયને પડકારવાની યોજના બનાવી રહ્યું છે. આ ટ્રાન્ઝેકશન સિટી બેન્કના સિક્સ-આઈ પ્રોસિઝરમાંથી પસાર થયા હતા. તેના અંતર્ગત કોઈપણ લેવડ-દેવડ કરતાં પહેલાં ત્રણ લોકો તેને રિવ્યુ અને અપ્રૂવ કરે છે. આ કેસમાં પહેલી બે પ્રોસેસ વિપ્રોના કર્મચારીઓના હવાલા હતા. આ એ કામનો હિસ્સો હતો જે વિપ્રોને આઉટસોર્સ કર્યો હતો. પહેલાં કર્મચારીએ પેમેન્ટની માહિતી મેન્યુઅલી બેન્કને ફ્લેક્સક્યૂબ લોન પ્રોસેસિંગ પ્રોગ્રામમાં મૂકી હતી. બીજા કર્મચારીએ તેની માહિતીને ચેક કરી હતી. ફાઈનલ અપ્રૂવલ સિટીબેન્કની ટીમે કરી હતી અને આ ટીમને ટ્રાન્ઝેકશન માટે જવાબદાર મનાય છે.




## ગોધરા નગર પાલિકાના વોર્ડ નં.૩ના અપક્ષ ઉમેદવાર ચેતનકુમાર લક્ષ્મણદાસ સામનાણી (પપ્પીભાઈ)

ગોધરા,

ગોધરા વોર્ડ નં.૩ના સેવાભાવી અને લોકચાહના ધરાવતા અપક્ષ ઉમેદવાર ચેતનદાસ લક્ષ્મણદાસ સામનાણી (પપ્પીભાઈ) ને વોર્ડ વિસ્તારના મતદારો તરફથી સારો આવકાર મળી રહ્યો છે. વોર્ડ નં.૩ માંથી ગત ટર્મમાં પાલિકાના પ્રતિનિધી તરીકે ચુંટી લાવ્યા હતા. તેમના સમયગાળામાં કોરોના મહામારીના પ્રકોપ જોવા મળ્યો. આ કોરોના મહામારીમાં લોકડાઉન કરવામાં આવ્યું હતું. લોકડાઉનના સમયમાં નાના અને મધ્યમવર્ગને મુશ્કેલીઓ વેઠવી પડી હતી. ત્યારે ચેતનદાસ (પપ્પીભાઈ) સેવાની ભેખ ધરી હતી અને લોકડાઉનના સમયગાળામાં જરૂરીયાતમંદ લોકોને શાકભાજી, દુધ, ફળફળાદી, અનાજ કરીયાણું પુરૂ પાડવામાં વોર્ડ નં.૩ વિસ્તારમાં રોડ રસ્તાની સુવિધા, ગટરની સાફ સફાઈ, દવાના છંટકાવ જેવી વ્યવસ્થા પણ વોર્ડના રહિશો માટે કરતાં આવ્યા છે. વોર્ડ નં.૩ વિસ્તારના લોકોની પ્રાથમિક સમસ્યાને હલ કરવા માટે તત્પર રહેતા હોય તેવા ચેતનદાસ સામનાણી (પપ્પીભાઈ)ને ૨૮ ફેબ્રુઆરના રોજ યોજનાર પાલિકાના મતદાનના દિવસે પવિત્ર મત આપી અપાવી વિજેતા બનાવવા મતદારોને અપીલ છે.

| અનું | ઉમેદવારનું નામ | નિશાન | બટન |
|---|---|---|---|
| ૧૦ | ચેતનકુમાર લક્ષ્મણદાસ સામનાણી (પપ્પીભાઈ) | કાતર | |
| ૧૨ | મોનીકાબેન ચિરાગભાઈ રાજાઈ | પ્રેશર કુકર | |

ગોધરા નગરપાલિકા વોર્ડ નં. ૫ ના કર્મશીલ, સેવાભાવી, જાગૃત, શિક્ષિત, લોકલાડીલા તથા યુવાન અને કાર્યશીલ અપક્ષ ની પેનલ ના ઉમેદવારો

### રાજેશકુમાર વિઠ્ઠલદાસ દરજી (રાજુ દરજી) તથા સંજય ચંપકલાલ સોની

ને સેવાની ફરી એક તક આપવા વિનંતી.

### આપનો મત સાચા અર્થમાં વિકાસને મત

| અનુ. નં. | ઉમેદવાર | ઉમેદવારનું નામ | નિશાન | બટન |
|---|---|---|---|---|
| ૧૧ | | રાજેશકુમાર વિઠ્ઠલદાસ દરજી (રાજુ દરજી) | | |
| ૧૬ | | સંજય ચંપકલાલ સોની | | |

મતદાન તારીખ : ૨૮/૦૨/૨૧, રવિવાર
સમય : સવારે ૭ : ૦૦ થી સાંજના ૬ : ૦૦ સુધી

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો અને ૬ તાલુકા પંચાયતોની ૧૨૬ બેઠકો માટે ૮૭૩ મતદાન મથકો

લુણાવાડા, આગામી તા.૨૮/૦૨/૨૦૨૧ના રોજ મહીસાગર જિલ્લામાં મહીસાગર જિલ્લા પંચાયત અને છ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી-૨૦૨૧ અંતર્ગત મતદાન યોજાનાર છે. આ મતદાન માટે જિલ્લા ચૂંટણી તંત્ર પાસેથી પ્રાપ્ત થયેલ વિગતો અનુસાર જિલ્લાની જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો અને છ તાલુકા પંચાયતોની ૧૨૬ બેઠકો કુલ ૮૭૩ મતદાન મથકો ઉભા કરવામાં આવનાર છે.

મહીસાગર જિલ્લા પંચાયત અને છ તાલુકા પંચાયતોની યોજાનાર સામાન્ય ચૂંટણીઓમાં ૬,૭૬,૭૬૯ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે, જેમાં ૩,૪૭,૨૩૫ પુરૂષો અને ૩,૨૮,૫૩૪ સ્ત્રી મતદારોનો સમાવેશ થાય છે. જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની યોજાનાર ચૂંટણી માટેના કુલ ૮૭૩ મતદાન મથકોની વિગતવાર વિગતો જોઈએ તો લુણાવાડા તાલુકામાં સૌથી વધુ ૨૨૭ મતદાન મથકો જયારે વિરપુર તાલુકામાં સૌથી ઓછા ૯૫ મતદાન મથકો છે જયારે ખાનપુર તાલુકામાં-૯૯ મતદાન મથકો, સંતરામપુર તાલુકામાં-૨૨૫ મતદાન મથકો, કડાથણા તાલુકામાં-૧૨૪ મતદાન મથકો અને બાલાસિનોર તાલુકામાં-૧૦૩ મતદાન મથકો આવેલા છે. આ મતદાન મથકો પૈકી ૧૦૫ મતદાન મથકો અતિસંવેદનશીલ અને ૧૯૬ મતદાન મથકો સંવેદનશીલ છે. જયારે બાકીના મતદાન મથકો સામાન્ય મતદાન મથકો છે.

અતિસંવેદનશીલ અને સંવેદનશીલ મતદાન મથકોની તાલુકાવાર વિગતો જોઈએ તો લુણાવાડા તાલુકામાં-૪૧ મતદાન મથકો અતિસંવેદનશીલ અને ૪૨ મતદાન મથકો સંવેદનશીલ, ખાનપુર તાલુકામાં કોઈ મતદાન મથક અતિસંવેદનશીલ નથી જયારે ૨૩ મતદાન મથકો સંવેદનશીલ, સંતરામપુર તાલુકામાં-૧૦ મતદાન મથકો અતિસંવેદનશીલ અને ૮૬ મતદાન મથકો સંવેદનશીલ, કડાણા તાલુકામાં-૦૬ મતદાન મથકો અતિસંવેદનશીલ અને ૨૧ મતદાન મથકો સંવેદનશીલ, બાલાસિનોર તાલુકામાં-૨૯ મતદાન મથકો અતિસંવેદનશીલ અને ૧૪ મતદાન મથકો સંવેદનશીલ અને વિરપુર તાલુકામાં ૧૯ મતદાન મથકો અતિસંવેદનશીલ અને ૧૦ મતદાન મથકો સંવેદનશીલ છે.

## મહીસાગર જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી માટે રીસીવીંગ-ડિસ્પેચીંગ-સ્ટ્રોંગરૂમ અને મતગણતરીના સ્થળો નિયત કરાયા

લુણાવાડા, આગામી તા.૨૮/૦૨/૨૦૨૧ના રોજ મહીસાગર જિલ્લામાં મહીસાગર જિલ્લા પંચાયત અને છ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી-૨૦૨૧ અંતર્ગત મતદાન યોજાનાર છે.

મહીસાગર જિલ્લા પંચાયતની-૨૮ અને છ તાલુકા પંચાયતોની ૧૨૬ બેઠકો માટેના રીસીવીંગ-ડિસ્પેચીંગ-સ્ટ્રોંગરૂમ અને મતગણતરીના સ્થળો નિયત કરવામાં આવ્યા છે. તદ્અનુસાર લુણાવાડા જિલ્લા/તાલુકા પંચાયતની બેઠકો માટે લુણાવાડાના સંતરામપુર રોડ ઉપર આવેલ પી.એન.પંડયા આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે યોજાશે. આજ રીતે ખાનપુર તાલુકામાં બાકોરની મોડેલ સ્કૂલ, સંતરામપુર તાલુકામાં સંતરામપુરની આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, કડાણા તાલુકાની દિવડા કોલોની ખાતેની એકલવ્ય મોડલ સ્કૂલ, બાલાસિનોર તાલુકાની-બાલાસિનોર ખાતેની કરૂણાનિકેતન હાઈસ્કૂલ ખાતે અને વિરપુર તાલુકાની લીંમરવાડા રોડ ઉપર આવેલ ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે યોજાશે. જેની સર્વે સંબંધિતોને નોંધ લેવા જિલ્લા ચૂંટણી અધિકારીએ એક યાદી દ્વારા જણાવ્યું છે.

વધુમાં આ મતગણતરીના સ્થળે મહીસાગર-લુણાવાડાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ આર. આર. ઠકકર દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામા અનુસાર મતગણતરી શરૂ થાય અને મતગણતરીની કાર્યવાહી પૂર્ણ ન થાય ત્યાં સુધી કાયદો અને વ્યવસ્થા જાળવવા મતગણતરી મથકની અંદર તથા તેની ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યકિત મોબાઈલ, સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન અને વાયરલેસ સેટ/વોકી-ટોકી, લેપટોપ સાથે લઈ જઈ શકશે નહીં અથવા તેનો ઉપયોગ કરી શકશે નહીં, મતગણતરી કેન્દ્રમાં કે તેની આજુબાજુ ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યકિત વાહનો સાથે પ્રવેશી શકશે નહીં, મતગણતરી કેન્દ્રમાં ઉમેદવાર, ઉમેદવારના ચૂંટણી એજન્ટ/મતગણતરી એજન્ટ, મતગણતરીની કામગીરી સાથે સંકળાયેલ અધિકારી/કર્મચારી તથા ચુંટણી પંચે અધિકૃત કરેલ વ્યકિત સિવાયની વ્યકિત પ્રવેશી શકશે નહીં કે મતગણતરી કેન્દ્રમાં કોઈપણ વ્યકિત રાજકીય પક્ષના પ્રતિકો કે ઉમેદવારોના પ્રતિકો કે નિશાનીઓ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવેલ હોઈ તેનું પાલન કરવા જણાવાયું છે.

# મહીસાગર જિલ્લામાં ૦૬ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૨૦૭૯ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં ખાનપુર તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રીનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૬-૦૨-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૨૦૭૯ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાની ૦૪ સ્ત્રી, ૦૩ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે.

આમ અત્યાર સુધીમાં કુલ ૧૯૯૬ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/કોરોનાના કુલ ૧૩૦૯૭૫ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૬ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૮ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૨૬ દર્દી હોમ આઈસોલેશન અને ૦૪ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૩૩ દર્દીઓ સ્ટેબલ અને ૦૫ દર્દીઓ ઓક્સિજન પર છે.

## મહીસાગર જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી માટે ૧૦૮ ઝોનલ રૂટ નિયત કરાયા

લુણાવાડા, આગામી તા.૨૮/૦૨/૨૦૨૧ના રોજ મહીસાગર જિલ્લામાં મહીસાગર જિલ્લા પંચાયત અને છ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી-૨૦૨૧ અંતર્ગત મતદાન યોજાનાર છે. મહીસાગર જિલ્લા પંચાયતની-૨૮ અને છ તાલુકા પંચાયતોની ૧૨૬ બેઠકો માટે યોજાનાર સામાન્ય ચૂંટણીના સરળ અને સુચારૂ સંચાલન માટે ૧૦૮ ઝોનલ રૂટ નિયત કરવામાં આવ્યા છે. જેમાં લુણાવાડા તાલુકામાં-૨૬, ખાનપુર તાલુકામાં-૧૬, સંતરામપુર તાલુકામાં-૨૩, કડાણા તાલુકામાં-૧૯, બાલાસિનોર તાલુકામાં-૧૩ અને વિરપુર તાલુકામાં-૧૧ ઝોનલ રૂટ નિયત કરવામાં આવ્યા હોવાનું મહીસાગર-લુણાવાડાના રાજય ચૂંટણી આયગના નોડલ અધિકારી અને નિવાસી અધિક કલેકટર આર. આર. ઠકકરએ એક યાદી દ્વારા જણાવ્યું છે.

## ખાનપુર તાલુકાના નરોડા ગામની શાળાની વિદ્યાર્થીનીનો કોરોના પોઝીટીવ રીપોર્ટ આવતાં વાલીઓમાં ચિંતા

ખાનપુર, મહિસાગરના ખાનપુર તાલુકાના નરોડા ગામની શાળાન વિદ્યાર્થીનીનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતાં શાળામાં અભ્યાસ કરતાં અન્ય વિદ્યાર્થીઓના વાલીઓમાં ચિંતા વધી છે.

કોરોના મહામારી બાદ માંડ રાજ્ય સરકાર દ્વારા શાળાઓ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પ્રથમ ધો.૧૦ અને ધો.૧૨ના વર્ગો શરૂ કરવામાં આવ્યા હતા. જયારે ધો.૯ અને ૧૧ના વર્ગો શરૂ કરેલ છે. શાળાઓમાં આવતાં વિદ્યાર્થીઓ સોશ્યલ ડીસ્ટન્સ સાથે કોરોના ગાઈડ લાઈનનું પાલન કરવાના નિર્દેશો સાથે શાળાઓ શરૂ કરાઈ છે. માંડ શાળાઓ શરૂ થતાં વિદ્યાર્થીઓ શાળાએ આવી રહ્યા છે. ત્યારે મહિસાગરના ખાનપુર તાલુકાના નરોગા ગામે આવેલ ગાયત્રી વિદ્યાલયમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. શાળાની વિદ્યાર્થીનીના રીપોર્ટ પોઝીટીવ આવતાં વાલીઓમાં વિદ્યાર્થીઓની આરોગ્યની ચિંતા વધી છે.

## વડોદરામાં પોઝિટિવ કેસનો આંક ૨૪૫૨૪ પર પહોંચ્યો, મૃત્યુઆંક ૨૪૧ થયો




વડોદરા, વડોદરા મહાનગરપાલિકાએ જાહેર કરેલા આંકડાઓ પ્રમાણે, વડોદરા શહેર જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસનો કુલ આંક ૨૪૫૬૮ ઉપર પહોંચી ગયો છે અને મૃત્યુઆંક ૨૪૧ પર સ્થિર છે. ગત રોજ વડોદરા શહેર જિલ્લામાં વધુ ૪૪ દર્દીને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨૩૭૪૯ લોકો કોરોનાને માત આપી ચૂક્યા છે. વડોદરામાં હાલ ૫૭૮ એક્ટિવ કેસ પૈકી ૬૭ દર્દી ઓક્સિજન ઉપર અને ૨૬ દર્દી વેન્ટિલેટર ઉપર છે અને ૪૮૫ દર્દીની હાલત સ્થિર છે. વડોદરા શહેર જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોનાના ૨૪,૫૬૮ પોઝિટિવ કેસ નોંધાયા છે. જે પૈકી પૂર્વ ઝોનમાં ૩૬૪૮, પશ્ચિમ ઝોનમાં ૪૦૩૬, ઉત્તર ઝોનમાં ૪૮૦૯, દક્ષિણ ઝોનમાં ૪૪૭૫, વડોદરા ગ્રામ્યમાં ૭૫૬૪ અને ૩૬ કેસ બહારના શહેર અને રાજ્યોના નોંધાયા છે. શહેરઃ અકોટા, માંજલપુર, છાણી, આજવા રોડ, વાઘોડિયા રોડ, સમા, તાંદલજા, નવાપુરા, પાણીગેટ, માંડવી, ગ્રામ્યઃ પોર, દશરથ, વાઘોડિયા, થુવાવી, કરજણ સાવલી.

# ડૉક્ટરી એક સન્માનજનક વ્યવસાય, કોરોના બાદ તેમના પ્રત્યેનું સન્માન વધ્યું: મોદી



ન્યુ દિલ્હી, વડાપ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે સવારે વીડિયો કોન્ફરન્સ દ્વારા તામિલનાડુના ડો. એમ.જી.આર. મેડિકલ યુનિવર્સિટીના ૩૩માં દીક્ષાંત સમારોહમાં જોડાયા હતા. આ યુનિવર્સિટીનું નામ તામિલનાડુના પૂર્વ મુખ્યમંત્રી અને એમજીઆરના નામથી પ્રખ્યાત એમજી રામાચંદ્રનના નામે રાખવામા આવ્યું છે.

આ દરમિયાન મોદીએ કહ્યું હતું કે એમજીઆરનું શાસન ગરીબો પ્રત્યે દયાથી ભરેલું હતું. હેલ્થકેયર, એજયુકેશન અને મહિલા સશક્તિકરણ તેમના પસંદગીના વિષય હતા. થોડા વર્ષો પહેલા હું શ્રીલંકા ગયો હતો, ત્યાં એમજીઆરનો જન્મ થયો હતો. ત્યાં આરોગ્ય ક્ષેત્રમાં શ્રીલંકાના તમિલ માટે કામ કરવા માટે ભારતને સન્માનીત કરવામાં આવ્યું. શ્રીલંકામાં ડિક ઓયામાં હોસ્પિટલનું ઉદઘાટન સમારોહને ક્યારેય નહીં ભુલી શકાય. આ હોસ્પિટલ અનેક લોકોને મદદ કરશે. હેલ્થકેયર ફિલ્ડમાં તમિલ સમુદાય માટે કરવામાં આવેલા આ કાર્યોથી એમજીઆરને ખુશી થશે.

૧૫ દિવસની અંદર આ ત્રીજી વખત છે જયારે વડાપ્રધાન સીધા જ તામિલાનાડુના લોકો સાથે જોડાયા છે. આ પહેલા ગુરુવારે પણ તેઓ તામિલનાડુના પ્રવાસે હતા. અહીં તેમણે ૧૨,૪૦૦ કરોડ રૂપિયાના પ્રોજેકટને લીલી ઝંડી આપી હતી. તામિલનાડુમાં આ જ વર્ષે ચૂંટણી યોજાવાની છે.

દીક્ષાંત સમારોહમાં કુલ ૧૭ હજાર ૫૯૧ વિદ્યાર્થીઓને ડિગ્રી અને ડિપ્લોમા સર્ટિ આપવામાં આવ્યા હતા. આ દરમિયાન તામિલનાડુના રાજયપાલ બનાવારીલાલ પુરોહિત પણ ઉપસ્થિત રહ્યા હતા. આ યુનિવર્સિટીનું નામ તામિલનાડુના પૂર્વ મુખ્યમંત્રી ડો. એમ.જી. રામચંદ્રનના નામે રાખવામા આવ્યું છે. તેનાથી કુલ ૬૮૬ કોલેજ જોડાયેલી છે. આ કોલેજોમાં મેડિકલ, ડેન્ટલ, નર્સિંગ, આયુર્વેદ, ફિઝિયોથેરાપીના અનેક કોર્સ ચાલે છે.

જમ્મુ કાશ્મીરમાં ગુલમર્ગમાં ૨મો ઈન્ડિયા વિન્ટર ગેમ્સ-૨૦૨૧ની આયોજન કરવામાં આવ્યું છે. વીડિયો કોન્ફરન્સ દ્વારા શુક્રવારે તેની શરૂઆત કરતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે ખેલાડીઓ માટે ઘણું બધુ કરવામાં આવી રહ્યું છે. ટેલેંતની ઓળખથી લઈને ટીમ સિલેકશન સુધી ટ્રાન્સપેરેન્સી સરકારની પ્રાથમિકતા છે. જે ખેલાડીઓએ જીંદગીભર દેશનું માન૦સન્માન વધાર્યું, તેનો ફાયદો તેમણે મળે તે સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે. તેમણે વધુમાં કહ્યું હતુ કે નવી શિક્ષણ નીતિમાં સ્પોર્ટ્સને ખૂબ જ મહત્વ આપવામાં આવી રહ્યું છે. સ્પોર્ટ્સની ટ્રેનિંગ પણ બાળકોના અભ્યાસમાં સામેલ થશે. દેશમાં સ્પોર્ટ્સના ઈન્સ્ટીટ્યુટ અને યુનિવર્સિટી બનાવવામાં આવશે. સ્પોર્ટ્સ સાયન્સને અમે સ્કિલ સુધી કેવી રીતે લઈ જવાય, તે હવે વિચારવાનો વિષય છે. તે યુવાઓને કારકિર્દી વિકલ્પ તો આપશે જ, દેશની ઈકોનોમિને પણ વધારશે. આપ જો મેદાનમાં કમાલ કરો છો, તેનાથી દુનિયામાં તમને ઓળખ મળે છે.

# અમે સરકાર સામે અંતિમ શ્વાસ સુધી લડાઈ લડવા માટે તૈયાર: રાકેશ ટિકૈત



અયોધ્યા, ખેડૂત આંદોલન શરુ થયા બાદ અયોધ્યા પહોંચેલા ભારતીય કિસાન યુનિયનના અધ્યક્ષ રાકેશ ટિકૈતે કહ્યુ હતુ કે, દિલ્હીમાં ચાલી રહેલા ખેડૂતોના આંદોલનને સરકાર લાંબુ ખેંચવા માંગતી હોય તો અમને કોઈ વાંધો નથી. ટિકૈતે કહ્યુ હતુ કે, અમે અમારા અંતિમ શ્વાસ સુધી લડાઈ લડવા માટે તૈયાર છે. હવે લોકો વચ્ચે જઈને અમે સરકારની કથની અને કરનીમાં જે ફરક છે. તેની જાણકારી આપીશું. તેમણે દાવો કર્યો હતો કે, ભગવાન રામ અમારા પૂર્વજ છે અને હું પહેલી વખત અયોધ્યા આવ્યો છું.સરકાર નવા કૃષિ કાયદા પાછા લે તેવી અમારી માંગ યથાવત છે.ભગવાન રામના નામ પર સત્તા મેળવનાર ભાજપ ભગવાન રામના વંશજો પર જુલ્મ કરી રહી છે. ટિકૈતે અયોધ્યામાં બજરંગબલીના મંદિરમાં દર્શન કરીને આશીર્વાદ પણ લીધા હતા અને એ પછી રામ જન્મભૂમિ ખાતે ભગવાન રામના દર્શન કરીને કહ્યુ હતુ કે, ભગવાન રામ પીએમ મોદીને સદબુધ્ધિ આપે તેવી પ્રાર્થના કરી છે.

તેમણે કહ્યુ હતુ કે, જે ખેડૂત આંદોલન ચાલી રહ્યુ છે તે ખેડૂતો માટે છે અને અમે કોઈ રાજકીય પાર્ટીનુ સમર્થન કરી રહ્યા નથી.અમારી એક જ માંગણી છે કે, સરકાર કૃષિ કાયદાને પાછા લે.ખેડૂતો કાયદામાં સંશોધનની માંગ કરી રહ્યા છે, વાટાઘાટો માટે પણ તૈયાર છે પણ સરકાર ખેડૂતોને લઈને ગંભીર નથી.

## શહેરાના હાસાપુર ગામે ઘરમાં સંતાડેલ દારૂ ઝડપ્યો

શહેરા, શહેરા તાલુકાના હાસાપુર ગામે રહેતા ઈસમો પોતાના રહેણાંક મકાનમાં ઈંગ્લીશ દારૂ કિંમત ૪૫૬૮/-રૂપીયા સાથે ઝડપાઈ જઈ ગુનો કર્યો. આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો પ્રમાણે શહેરા તાલુકાના હાસાપુર ગામે રહેતા પ્રવિણભાઈ દલાભાઈ પગીના રહેણાંક મકાનમાં દારૂનો જથ્થો રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન અલગ-અલગ બ્રાન્ડનો ઈંગ્લીશ દારૂ કિંમત ૪૫૬૮/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપાઈ જવા પામ્યો. આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## વડોદરામાં ચૂંટણી પહેલાં મોપેડમાં ૩૯ લાખ રોકડા લઈને જતા બે શખ્સો ઝડપાયા

વડોદરા, વડોદરા જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓની ચૂંટણી ટાણે મોડી રાત્રે ફતેગંજ પોલીસે મોપેડની ડીકીમાં રૂપિયા ૩૯ લાખ રોકડા લઈને પસાર થઈ રહેલા બે યુવાનોને ઝડપી પાડ્યા હતા. આ રોકડ રકમ ક્યાંથી લાવવામાં આવી હતી અને ક્યાં લઈ જવામાં આવી રહી હતી એ દિશામાં પોલીસે તપાસનો દોર શરૂ કર્યો છે. ૨૮ ફેબ્રુઆરીના રોજ રવિવારે વડોદરા જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓની ચૂંટણી થવાની છે.

આજે ચૂંટણીપ્રચારનો અંતિમ દિવસ છે ત્યારે ચૂંટણીઓમાં મતદારોને રીઝવવા માટે નાણાંની કોથળીઓ ખુલ્લી મૂકવામાં આવે છે અને દારૂની રેલમછેલ થતી હોય છે. ત્યારે મોડી રાત્રે ફતેગંજ પોલીસે પેટ્રોલિંગ દરમિયાન વાહન ચેકિંગ કરવામાં આવી રહ્યું હતું. દરમિયાન મોપેડ લઈને પસાર થઈ રહેલા બે યુવાનોને ઊભા રાખી તેમના મોપેડની ડીકીમાં તપાસ કરતાં રૂપિયા ૩૯ લાખ રોકડા મળી આવ્યા હતા.

રૂપિયા ૩૯ લાખ રોકડ અંગે બંને યુવાનો સંતોષકારક જવાબ આપી ન શકતાં પોલીસ બંનેને પોલીસ મથક ખાતે લઈ આવી પૂછપરછ શરૂ કરી હતી. જોકે આ રોકડ રકમ ક્યાંથી લાવવામાં આવી હતી ને ક્યાં લઈ જવામાં આવી હતી એ અંગે હજુ સુધી પોલીસતંત્ર દ્વારા કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી. હાલ ફતેગંજ પોલીસે રૂપિયા ૩૯ લાખ સાથે અટકાયત કરાયેલા બંને યુવાનો સામે જાણવાજોગ ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૨૭-૦૨-૨૦૨૧, શનિવાર, મહા સુદ-અક્ષર પૂર્ણિમા, સૂર્યોદય-૬-૪૮, સૂર્યાસ્ત-૬-૧૯, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : સિંહ (મ.ટ.), નક્ષત્રઃ માઘ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૨૭.૦૨.૨૦૨૧ શનિવાર

મેષ(અ.લ.ઈ.) :- જાહેર ક્ષેત્રે સફળતા મેળવવાના પ્રયત્નો ફળવાના નોકરીમાં પ્રમોશન બદલીના ચન્સ રહે. ઉશ્કેરાટથી દૂર રહેજો.

વૃષભ(બ.વ.ઉ.) :- ભાઈ-બહેનો સાથે ધાર્મિક યાત્રા પ્રવાસનું આયોજન થાય નોકરીમાં અધિકારીઓ સાથે મહત્વની ચર્ચા થાય.

મિથુન(ક.છ.ઘ.) :- અનુભવોનો લાભ સંસ્થાને મલે. લગ્ન જીવનમાં ગેર સમજો હશે તો તે દૂર થાય સતત વ્યસ્ત રહેશો.

કર્ક(ડ.હ.) :- રાજકીય વ્યકિતનો સહકાર મલવાનો મહત્વના કાર્યોમાં અંગત ધ્યાન દેજો પરિવારના સભ્યો સાથે પ્રવાસ થાય.

સિંહ(મ.ટ.) :- નજીકની વ્યકિત સાથે ગેરસમજો ટાળજો ધંધામાં નવું આયોજન કરવાની ઈચ્છા ફળે લાલચથી દૂર રહેજો.

કન્યા(પ.ઠ.ણ.) :- તમારી કામગીરી અદ્ભૂત છે જેનો લાભ તમારી સંસ્થાને મલે વિજાતીય વ્યકિતનો સાથ મલવાનો.

તુલા(ર.ત.) :- પ્રિયપાત્રની મુલાકાત સફળ થવાની છે. મહત્વના કાર્યમાં સફળતા મલવાની સાહિત્ય ક્ષેત્રે સફળતા મલવાની.

વૃશ્ચિક(ન.ય.) :- દિવસ દરમ્યાન નવા સંકલ્પોની ઈચ્છા ફળવાની કોમ્પ્યુટર લાઈનમાં સફળતા માટે વાંચન પ્રવૃતિને વધારવાની છે.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- આળસ વૃત્તિ તમારી પ્રગતિને અવરોધશે જેથી તમારે આળસ વૃત્તિ ટાળવાની છે. રાજકારણમાં કોઈનો સાથે મલવાનો.

મકર(ખ.જ.) :- અંગત ઉપયોગ માટે નાણાનો વ્યર્થ ઉપયોગ ન થાય તેનું ધ્યાન રાખજો ગેબી શકિતની મદદ મલવાની છે વિદેશ જવાની ઈચ્છા ફળે.

કુંભ(ગ.શ.સ.) :- પ્રણય બાબત કોઈ ગેર સમજો ન થાય તેનું ધ્યાન રાખવું તમો થોડા વધુ રોમાન્ટીક બનવાના છો. વ્યવસાયમાં લાભ રહે.

મીન(દ.ચ.ઝ.) :- કિંમતી ચીજ વસ્તુની ખરીદી થાય મિત્ર વર્તુળમાં વધારો થવાનો સફળતા માટે શોર્ટકટ અપનાવવાથી દૂર રહેજો.

## રાષ્ટ્રપતિ જો બાઈડને આ એરસ્ટ્રાઈકને મંજૂરી આપી હોવાના અહેવાલ

# અમેરિકા આકરા પાણીએ: સીરિયામાં ઈરાની સમર્થિત અડ્ડા પર એરસ્ટ્રાઈક કરી



વૉશિંગ્ટન, અમેરિકાના રાષ્ટ્રપતિ પદે ૨૦ જાન્યુઆરીએ રાષ્ટ્રપતિ પદના શપથ લેતા જ જો બાઈડને પહેલું સૈન્ય એક્શન હાથ ધર્યું છે. આજે સવારના સમયે જ અમેરિકન એરફોર્સે સીરિયામાં હુમલા કર્યા હતા. આ હુમલો સીરિયાના એ બે વિસ્તાર જે આતંકી હુથોને નિશાન બનાવીને કરવામાં આવ્યો હતો. આ હુમલાની સાથે જ જો બાઈડને દુનિયા આખીને સ્પષ્ટ સંદેશ આપી દીધો છે.

સિરિયાના જે બે વિસ્તારોમાં અમેરિકાએ હુમલા કર્યા તે ઈરાન સમર્થિત આતંકી જૂથોના કબજામાં છે. બે જ અઠવાડિયામાં બે વખત ઈરાકમાં અમેરિકન એરબેઝ પર રોકેટ છોડવામાં આવ્યા હતા. જો કે હજી સુધી એ સ્પષ્ટ થઈ શક્યું નથી કે અમેરિકન એરસ્ટ્રાઈકમાં આતંકી જૂથોને કેટલું નુકસાન થયું છે. અમેરિકાના આ હુમલાથી દુનિયાભરમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેને ઈરાકમાં અમેરિકી સૈન્ય મથકો પર થયેલા હુમલાનો બદલો લીધો છે. બાઈડેનના આદેશ બાદ જ ગુરુવારે સીરિયામાં ઈરાન સમર્થિત મિલિશિયા સમૂહ પર હવાઈ હુમલા કરવામાં આવ્યા હતાં. પેન્ટાગને આ અંગે જાણકારી આપતા કહ્યું હતું કે, આ મહિનાની શરૂઆતમાં ઈરાકમાં યુએસ આર્મીને નિશાન બનાવવામાં આવી હતી. જેના જવાબમાં મિલિશિયાના ઠેકાણા પર એર સ્ટ્રાઈક કરવામાં આવી છે.

પેન્ટાગને જણાવ્યું કે હવાઈ હુમલા બોર્ડર કંટ્રોલ પોઈન્ટ પર ઈરાક સમર્થિક કાતબ હિજબુલ્લાહ અને કાતાબ સૈય્યદ અલ શુહાદાને ધ્યાનમાં રાખીને કરાયા હતા. પેન્ટાગનના પ્રવક્તા જ્હોન કિર્બીએ કહ્યું હતું કે, આ હુમલા ઈરાકમાં અમેરિકા અને ગઠબંધન સેનાઓ પર કરાયેલા હુમલાનો જવાબ છે. તેમણે કહ્યું કે જો જરૂર પડી તો અમેરિકા આગળ પણ આ પ્રકારની કાર્યવાહીને અંજામ આપતું રહેશે.

બાઈડનને ટ્રમ્પની સરખામણીમાં સોફ્ટ પ્રેસિડેન્ટ કહેવામાં આવી રહ્યાં છે. પરંતુ તેમને પદ સંભાળ્યા પછી ઈરાન અંગે સખત વલણ બતાવ્યું છે. ઈરાને આતંકી જૂથોને બે સપ્તાહ દરમિયાન બે વખત ઈદલિબમાં અમેરિકન એરબેઝ પાસે હુમલા કર્યા હતા. એક વ્યક્તિનું મોત પણ થયું હતું. રિપોર્ટ પ્રમાણે, અમેરિકન હુમલો સ્પષ્ટ રીતે દુનિયાના એવા દેશોને એવો મેસેજ આપે છે કે, કોઈ પણ પ્રકારની આતંકી હરકતો ચલાવી લેવાશે નહીં. પેન્ટાગનના પ્રવક્તા માઈક કિર્બીએ કહ્યું કે, આ હુમલા રાષ્ટ્રપતિના ઓર્ડર પર કરાયા છે.

સીરિયામાં થયેલો આ હુમલો બાઈડેન પ્રશાસન દ્વારા કરાયેલી પહેલી સૈન્ય કાર્યવાહી છે. પેન્ટાગનના પ્રવક્તાએ વધુમાં કહ્યું હતું કે, અમેરિકી કાર્યવાહી એક આનુપાતિક સૈન્ય પ્રતિક્રિયા હતી. જેને કૂટનીતિક ઉપાયો સાથે ગઠબંધન સહયોગીઓ સાથે વિચાર વિમર્શ બાદ કરાઈ હતી. જે ઠેકાણાને નિશાન બનાવવામાં આવ્યાં, તે અંગે અમને પૂરેપૂરી જાણકારી હતી. અમને ખબર હતી કે અમે કોને નિશાન બનાવ્યા છે.

અમેરિકા અને ઈરાન વચ્ચે પહેલા જ તણાવ છે. ઈરાન તેના પરમાણું હથિયાર પ્રોગ્રામ ઝડપથી વધારી રહ્યો છે. અમેરિકાના આ હુમલા પછી માનવામાં આવી રહ્યું છે કે બન્ને દેશો વચ્ચે તણાવ વધશે અને ઈરાનની આ ગેરસમજણ પણ દૂર થઈ જશે કે બાઈડન જૂની સમજૂતી લાગુ કરશે.

# દાહોદમાં મુક્ત અને ન્યાયી ચૂંટણી માટે જિલ્લા પ્રશાસનની તૈયારીઓ પૂર્ણ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

**- સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ૧૬૩૩ મતદાન મથકો માટે કૂલ ૧૧૩૪૩ ચૂંટણીકર્મીઓ ફરજ બજાવશે.**
**- પંચાયતોની ચૂંટણીમાં ૧૩૪૧૫૩૫ અને બે નગરપાલિકામાં ૯૨૧૯૯ મળી કૂલ ૧૪૩૩૭૩૪ મતદારો.**
**- દાહોદ જિલ્લાના ૩૬૦ સંવેદનશીલ, ૮૯૪ અતિસંવેદનશીલ મતદાન મથકો પર હથિયારધારી જવાનો તૈનાત.**
**- મતદારો કોઇ પણ લાલચમાં આવ્યા વિના, ભયમુક્ત બની મતદાન કરવા કલેક્ટર ખરાડીનો અનુરોધ.**

દાહોદ,

દાહોદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની આગામી તા. ૨૮ના રોજ યોજનારી ચૂંટણીઓ મુક્ત અને ન્યાયી રીતે યોજાઇ તે માટેની જિલ્લા પ્રશાસન દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. પંચાયતોની ચૂંટણીમાં ૧૩૪૧૫૩૫ અને બે નગરપાલિકામાં ૯૨૧૯૯ મળી કુલ ૧૪૩૩૭૩૪ નાગરિકો તેમને મળેલા મતાધિકારના બંધારણીય મતાધિકારનો ભયમુક્ત રીતે ઉપયોગ કરી શકે એ પ્રકારે તમામ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પોતાને મળેલા મતાધિકારીનો ઉપયોગ કરવાની અપીલ નાગરિકોને કલેક્ટરએ કરી છે.

સમુહ માધ્યમોના પ્રતિનિધિઓ સાથે વાતચિતમાં કલેક્ટર વિજય ખરાડીએ જણાવ્યું કે, દાહોદ જિલ્લા પંચાયત, તમામ તાલુકા પંચાયતો અને દાહોદ નગરપાલિકાની સામાન્ય અને ઝાલોદ નગરપાલિકાની ચૂંટણી માટે તા. ૨૧ના રોજ પ્રત્યક્ષ રીતે ૧૧૩૪૩ ચૂંટણીકર્મીઓ જોડાશે. જેમાં ૧૬૩૩ પ્રિસાઈડિંગ ઓફિસર, ૧૬૩૩ આસિસ્ટન્ટ પ્રિસાઈડિંગ ઓફિસર, ૫૩૫૭ મતદાન અધિકારી અને ૧૬૩૩ પટાવાળા મતદાન મથકોમાં ફરજ બજાવશે. આ ઉપરાંત પ્રત્યક્ષ ફરજમાં જરૂરી સ્ટાફને અનામત રાખવામાં આવ્યો છે. આ સ્ટાફને તેમના નિયત સ્થળે પહોંચાડવા ૧૧૯ સરકારી બસો અને ૧૦૦૨ અન્ય વાહનોની વ્યવસ્થા કરવામાં આવી છે.

દાહોદ જિલ્લામાં આ ચૂંટણીમાં કૂલ મળી ૩૬૦ સંવેદનશીલ, ૮૯૪ અતિસંવેદનશીલ મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે. અહીં એસઆરપીના હથિયારધારી જવાનો તૈનાત રહેશે. આ ઉપરાંત સ્થાનિક પોલીસ, એલઆરડી, જીઆરડીના જવાનો પણ ફરજ બજાવશે. જિલ્લા પોલીસ વડા હિતેશ જોયસરના માર્ગદર્શન હેઠળ ૧૬૦ કયુઆરટી, ૧૦ સ્ટ્રાઈકિંગ ફોર્સ કાર્યરત રહેશે. કોઇ પણ પ્રકારની અનિચ્છનીય બનાવ ના બને તે માટે પોલીસ સતર્કતાથી સતત પેટ્રોલિંગ કરશે. દાહોદમાં ૨૬૦૦ પોલીસ જવાનો તૈનાત કરાશે. જેમાં ૧૪૦૦ જીઆરડી, ૧૨૦૦ હોમગાર્ડ, ત્રણ એસઆરપી અને એક બીએસએફની કંપનીના જવાનો પણ જોડાશે.

એસપી જોયસરે જણાવ્યું કે, દાહોદ જિલ્લામાં કુલ ૪૮૧૯ હથિયારો જમા લેવામાં આવ્યા છે. ૮૧૨ વ્યકિત સામે બિનજામીન પાત્ર વોરંટની બજવણી કરાઇ છે. ૩૦ સામે પાસા અને ૧૩ને તડીપાર કરવામાં આવ્યા છે. કુલ ૧૦૬૨૦ વ્યકિત સામે અટકાયતી પગલાં લેવામાં આવ્યા છે. નાસતા ફરતા ૯૯ આરોપીઓને પકડીને જેલ હવાલે કરવામાં આવ્યા છે.

તેમણે ખાસ કરીને યુવાનોને અપીલ કરતા જણાવ્યું કે, ખોટી રીતે ઉન્માદમાં આવીને કાયદો હાથમાં લેવાનો પ્રયત્ન કરવો નહીં. આમ કરવાની યુવાનોની કારકીર્દિને અસર કરશે. ચૂંટણીની સાથેની બાબતો અને મનમોટાવ ચૂંટણી પૂર્ણ થયા બાદ તુરંત ભૂલી જવાય એ ઇચ્છનીય છે. મતદાન મથકો ઉપર કોરોના વાયરસના સંક્રમણને ધ્યાને રાખી રાજ્ય ચૂંટણી પંચ તથા આરોગ્ય વિભાગ દ્વારા અપાયેલી સૂચનાઓનું પાલન કરવામાં આવશે. મતદાન કેન્દ્રો ઉપર સેનિટાઇઝેશનની વ્યવસ્થા કરવામાં આવી છે. આરોગ્ય વિભાગ પાસેથી મળેલી યાદી પ્રમાણે કોરોના પોઝેટિવ, હોમ આઇસોલેટ અને ક્વોરેન્ટાઇન રહેલા નાગરિકો સાંજના પાંચ વાગ્યા પછી આરોગ્યલક્ષી વ્યવસ્થા સાથે મતદાન કરી શકશે.

મતદારો એ વાત ભૂલે નહીં કે મતદાન કરવાનો સમય સવારના સાત વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધીનો છે અને મતદાન કરવા આવતી વેળાએ માસ્ક ફરજિયાત પહેરવાનું રહેશે. આ ઉપરાંત, મતદાન કેન્દ્રો ઉપર નિયત કરવામાં આવેલી વ્યવસ્થા મુજબ સામાજિક અંતરના નિયમોનું પાલન કરવાનું રહેશે. મતદાત ઓળખપત્ર ઉપરાંત ચૂંટણી વિભાગ દ્વારા માન્ય કરવામાં આધાર કાર્ડ, પાન કાર્ડ, ડ્રાઇવિંગ લાયસન્સ, પાસપોર્ટ, મનરેગાના કાર્ડ સહિતના ૧૪ ઓળખપત્રો માન્ય છે.

દાહોદ જિલ્લા પંચાયતની ૫૦ બેઠક માટે કૂલ ૧૫૯ હરીફ ઉમેદવારો છે. એ જ પ્રમાણે તાલુકા જોઇએ તો દાહોદ તાલુકાની ૩૭ (એક બિનહરીફ) બેઠકો માટે ૧૧૯, દેવગઢ બારિયા તાલુકામાં ૨૮ બેઠકો માટે ૬૨, સંજેલી તાલુકાની ૧૬ બેઠકો માટે ૪૩, લીમખેડા તાલુકાની ૨૨ (બે બિનહરીફ) બેઠકો માટે ૫૭, ફતેપુરની ૨૮ બેઠકો માટે ૯૧, ગરબાડાની ૨૪ બેઠકો માટે ૭૬, ધાનપુરની ૨૩ (એક બિનહરીફ) બેઠકો માટે ૬૧, ઝાલોદમાં ૩૮ માટે ૧૦૯, સિંગવડાની ૧૭ (એક બિનહરીફ) બેઠકો માટે ૪૪ હરીફ ઉમેદવારો છે. જ્યારે, દાહોદ નગર પાલિકાની સામાન્ય ચૂંટણીમાં ૯ વોર્ડની ૩૬ બેઠકો પૈકી એક બિનહરીફ થઇ છે. બાકીની ૩૫ બેઠકો માટે કૂલ ૧૨૯ ઉમેદવારો છે.

કલેક્ટર ખરાડીએ જાહેર અનુરોધ કરતા કહ્યું કે મતદારો કોઇ પણ લાલચમાં આવ્યા વિના, ભયમુક્ત બની મતદાન કરી લોકશાહીના આ પર્વમાં સહભાગી બને એ જરૂરી છે. આ પત્રકાર પરિષદમાં નિવાસી અધિક કલેક્ટર એમ. જે. દવે પણ ઉપસ્થિત રહ્યા હતા.

## દે.બારીઆ જંબુસર ગામે બીજેપીની ચુંટણી મીટીંગ બાદ દારૂ મહેફીલ અને બીજેપી મત આપવાના સુચનોવાળા વિડીયો વાયરલ થયો



દાહોદ,

દેવગઢ બારીઆના જંબુસર ગામે ભાજપની ચુંટણી મીટીંગ બાદ લોકોને વિદેશી દારૂની મહેફીલ મણાવી માત્ર ભાજપનેજ મત આપવો તેવી હાજર લોકોને સુચનો કરતો વિડીયો દાહોદ જિલ્લાભરમાં વહેતો થતાં ભાજપાના રાજકીય મોરચે ખળભળાટ મચી જવા પામ્યો છે. ત્યારે બીજી તરફ ગાંધીના ગુજરાતમાં દારૂ બંધીના એલાન સાથે હવે આ જંબુસર ગામમાં વહીવટી તંત્ર વાઈરલ વિડીયો જોઈ કેવા પ્રકારનું રૂખ અપનાવશે તે જોવાનું રહ્યું.

દાહોદ જિલ્લામાં હાલ સ્થાનીક સ્વરાજયની ચુંટણીનો માહોલ પુરજોશમાં ચાલી રહ્યો છે. ત્યારે તમામ પાર્ટીના ઉમેદવારો દ્વારા મતદારોને રીઝવવા અડી ચોટીનું જોર લગાવી રહ્યાં છે. આવા સમયે દાહોદ જિલ્લામાં એક વિડીયો વાઈરલ થતાં રાજકીય મોરચે ચકચાર મચી જવા પામી છે અને તે પણ ખાસ ભાજપાના રાજકીય મોરચે અનેક તર્ક વિતર્કો પણ વહેતા થયાં છે. દાહોદ જિલ્લામાં ગઈકાલથી સોશીયડલ મીડીયામાં એક વિડીયો વાઈરલ થઈ રહ્યો છે. જેમાં દેવગઢ બારીઆના જંબુસર ગામમાં ભાજપાની ચુંટણી મીટીંગ બાદ લોકોને દારૂનું વિતરણ કરવામાં આવતું હોવાનું વિડીયોમાં સ્પષ્ટ જોઈ શકાય તેમ છે. વિડિયોમાં ભાજપા પાર્ટીના સમર્થકો દ્વારા દારૂનું વિતરણ કરાતાં ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના કાયદાના લીરેલીરા ઉડ્યાં હતાં.

વધુમાં જાણવા મળ્યા અનુસાર આ જંબુસર ગામે ભાજપની મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભરપુર માત્રામાં અને ખુલ્લેઆમ જાહેર જનતામાં આ દારૂની વહેંચણી કરી, કોઈક કાર્યકર દ્વારા, મારો દારૂ પીને એક પણ મત અપક્ષ કે કોંગ્રેસને જવો જોઈએ નહીં, ઓન્લી ફોર ભાજપને જ આપડો મત જવો જોઈએ તેવી ચર્ચા પણ વિડીયોમાં સંભળાતી હોવાનું વિડીયોમાં જણાતું હતું. આ વાઈરલ વિડીયો બાદ ભાજપના રાજકીય મોરચે ખળભળાટ મચી જવા પામ્યો હતાં.

## દાહોદ જિલ્લામાં શરાબ સેવનના કથિત વિડીઓ બાબતે પોલીસ તંત્ર દ્વારા તપાસનો ધમધમાટ

દાહોદ,

વિજાણુ માધ્યમોમાં ચાલી રહેલા શરાબ સેવનના સમાચારોનું સંજ્ઞાન લેતા દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક હિતેશ જોયસરે જણાવ્યું છે કે, ચૂંટણીના સમયે દાહોદ જિલ્લામાં કથિત શરાબ સેવનની પ્રવૃત્તિ બાબતે લીમખેડાના નાયબ પોલીસ અધિક્ષકને હકીકત ચકાસવા માટે તપાસ સોંપવામાં આવી છે. વાયરલ થયેલા વિડીઓનું બારીકાઇ પૂર્વક નિરીક્ષણ કરી, તેના વિવિધ પાસાઓ તપાસી તેમાં થઇ રહેલી પ્રવૃત્તિ દાહોદ જિલ્લામાં જ થઇ છે કેમ ? તે ઉપરાંત તેમાં રહેલા વ્યક્તિની ઓળખ મેળવવાની બાબતો માટે ફોરેન્સીક નિષ્ણાંતોની મદદ લેવામાં આવી રહી છે. સર્વગ્રાહી તપાસની હકીકતોને આધારે તેમાં સંડોવાયેલા કોઇ પણ આરોપીઓને છોડવામાં નહી આવે અને તેમની સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે.

## સંજેલીમાં તાલુકામાં પ્રચારના છેલ્લા દિવસે મતદારોને રીઝવવા કોંગ્રેસે પદયાત્રા યોજી



સંજેલી,

કોંગ્રેસ પાર્ટીના મહાનગરપાલિકાની ચૂંટણીમાં સુપડા સાફ થઈ ગયા છે. ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં પંજાને વધુ મજબૂત બનાવવા માટે એડીચોટીનું જોર લગાવા કમકસી છે સંજેલી તાલુકામાં તાલુકા પંચાયતની ૧૬ બેઠકો પર ચૂંટણી યોજાવવાની છે. જિલ્લા પંચાયતની ૨ બેઠકોનો સમાવેશ છે. ભાજપ પાર્ટી પાસેથી સત્તા આચકવા માટે કોંગ્રેસ પાર્ટીએ ફુલબહારમાં ડોર ટુ ડોર પ્રચાર કાર્યમાં જોતરાયને પ્રજાને રિઝવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

૨૬મી ફેબ્રુઆરીના રોજ અંતિમ તબક્કાનો પ્રચાર પૂર્ણ થવાનો છે ત્યારે આજના દિવસે કોગ્રેસ પાર્ટીના ઉમેદવારો દ્વારા રોડ શો નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હીરોલા જિલ્લા પંચાયત બેઠકના ઉમેદવાર સંજેલી-૧ બેઠક તેમજ સંજેલી-૨ તાલુકા પંચાયત બેઠકના ઉમેદવારોએ સંયુક્ત મળીને રોડ શો નું સંજેલી ખાતે આયોજન કરવામાં આવ્યું હતું રોડ શો નું કોંગ્રેસ પાર્ટીના કાર્યાલય થી શરૂ કરવામાં આવ્યો હતો. જે સંજેલીના મુખ્ય બજારોમાં ફરીને મતદારોને રિઝવવાનો માટે પ્રયાસો કરવામાં આવ્યો હતો.

જ્યારથી સંજેલી તાલુકો અસ્તિત્વમાં અમલમાં આવ્યો છે. ત્યારથી તાલુકા પંચાયતમાં ભાજપનો કબ્જો છે ભાજપ પાસેથી સત્તા આચકવા માટે કોંગ્રેસ પાર્ટીએ કમરકસી છે. જેના ભાગરૂપે કોંગ્રેસ પાર્ટીએ કોંગ્રેસ પાર્ટી તરફી વધુ મતદાન કરવામાં હેતુથી ડોર ટુ ડોર પ્રચારનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જે ઉમેદવારો સમર્થકો સાથે રેલી સ્વરૂપે સંજેલીના બજારોમાં ફરી હતી હતી. વાજતે-ગાજતે રોડ શો નીકળ્યો હતો. જેમાં મેન બજારમાં કોંગ્રેસના સમર્થકોએ નાચતે-ગાજતે રોડ શો પ્રજાને કોંગ્રેસ તરફી આકર્ષિત કરવામાં પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. કોંગ્રેસ પાર્ટીના રોડ શોમાં કોગ્રેસ પાર્ટીના ઉમેદવારો, હોદ્દેદારોઓ, કાર્યકર્તાઓ, મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા.

## દાહોદના સરહદી વિસ્તારોમાં આરોગ્ય ટીમ મુકાઈ વાહન ચાલકો અને મુસાફરોને થર્મલ સ્કીનીંગ કરાશે


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લાની સરહદી વિસ્તારમાં હાલ દાહોદ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા કોરોના સંક્રમણ ન ફેલાયા તેની તકેદારીને ધ્યાનમાં રાખી આ સરહદી વિસ્તારોમાં આરોગ્યની ટીમો ખડકી દેવામાં આવી છે. આવતા જતાં મુસાફરો, વાહન ચાલકો સહિત અવર જવર કરતાં લોકોનું સ્થળ પર થર્મલ સ્કિનીંગ સહિતની કામગીરી આરંભી દેવામાં આવી છે. ત્યારે કોઈક શંકાસ્પદ વ્યક્તિને કોરોનાના લક્ષણો જણાય અથવા તો સ્થળ પર જ કોરોનાનો ટેસ્ટ કરવાની કોઈ પોઝીટીવ આવે તેને નજીકની ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડવાની આરોગ્ય તંત્ર દ્વારા તજવીજ હાથ ધરવામાં આવી રહી છે.

સ્થાનીક સ્વરાજયની ચુંટણીઓ બાદ કોરોના સંક્રમણ ફેલાઈ શકે છે અને કોરોના કેસોના આંકડાઓમાં વધારો નોંધાય તેવા એંધાણો વર્તાઈ રહ્યાં છે ત્યારે બીજી તરફ મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં ફરી કોરોનાએ માથુ ઉચકતા ત્યાં રોજેરોજ અસંખ્ય કોરોના દર્દીઓનો રાફડો ફાટી રહ્યો છે. ત્યારે દાહોદ જિલ્લાની વાત કરીએ તો દાહોદ જિલ્લા ગુજરાતને જોડતો રસ્તો છે. આ દાહોદ જિલ્લામાં મધ્યપ્રદેશ અને રાજસ્થાનની સરહદે આવેલ જિલ્લો છે. જિલ્લામાં અન્ય રાજ્યોના લોકોની દરરોજ અવર જવર પણ ઘણી હોય છે. ત્યારે ગુજરાત સહિત દાહોદ જિલ્લામાં ફરી કોરોના સંક્રમણ ન ફેલાય તેની તકેદારીના ભાગરૂપે દાહોદ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા મધ્યપ્રદેશને જોડતી અને દાહોદ જિલ્લામાં આવેલ ખંગેલા ચેકપોસ્ટ પર આરોગ્ય ટીમને તૈનાત કરી દીધી છે. આ આરોગ્ય ટીમ દ્વારા આવતાં જતા મુસાફરો, વાહન ચાલકો સહિત લોકોને સ્થળ પરજ થર્મલ સ્કિનીંગ સહિતની આરોગ્ય કામગીરી કરવામાં આવી સાથે જ સ્થળ પરજ કોરોના ટેસ્ટ પણ કરવામાં આવી રહ્યો છે જે કોઈ મુસાફર શંકાસ્પદ જણાય તેને નજીકની ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે પણ મોકલી દેવામાં આવતાં હોવાનું જાણવા મળી રહ્યું છે.

## દાહોદ જીલ્લામાં સ્થાનિક સ્વરાજની ચુંટણી પ્રચારના પડઘમ શાંત

દાહોદ,

દાહોદ જિલ્લામાં સ્થાનીક સ્વરાજયની ચુંટણીઓના પ્રચાર-પ્રસારના પડઘમો આજ સાંજથી શાંત થઈ જશે. આટલા દિવસોથી દાહોદ શહેરમાં તમામ પાર્ટીઓ દ્વારા પુરજોશમાં પ્રચારો કરવામાં આવતાં હતા. ત્યારે હવે માત્ર મતદાન માટેગણતરીના કલાકો બાકી રહ્યાં છે. ત્યારે તમામ પાર્ટીઓ દ્વારા મતદારોને રીઝવવાના ધમપછાડાઓ આરંભ કરી દેવામાં આવ્યાં છે. છેલ્લા કેટલાંક દિવસોથી દાહોદ શહેરમાં તમામ પાર્ટીઓ દ્વારા ડી.જે., ઢોલ નગારાના તાલે ભવ્ય જુલુસ, રસઘસ કાઢી પ્રચાર-પ્રસાર કરવામાં આવતો હતો અને મતદારોને રીઝવવા ઘરે-ઘરે જઈ પોતાની પાર્ટીને અને પોતાના ઉમેદવારોને મત આપવા વિનંતીઓ કરવામાં આવતી હતી. ત્યારે આજ સાંજથી પ્રચારના પડઘમો શાંત થતાં હવે દરેક વિસ્તારો સહિત ગ્રામીણ વિસ્તારોમાં ખાટલા મીટીંગો, રાત્રી સભાઓનું આયોજન પુરજોશમાં ચાલશે તેવા એંધાણો વર્તાઈ રહ્યા છે. શનિવારની રાત્રી કતલની રાત્રી સાબીત થનાર છે. કતલની રાત્રીએ તમામ પાર્ટીઓ દ્વારા અડી ચોટીનું જોર લગાવી મતદારોને રીઝવાવનો પુરજોશમાં પ્રયાસ કરવામાં આવશે ત્યારે આખરી દિને એટલે કે, રવિવારને ૨૮મી ફેબ્રુઆરીના રોજ ઉમેદવારોનું ભાવિ સીલ થઈ જશે અને ત્યાર બાદ જ ચિત્ર સ્પષ્ટ થશે.

## પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો અને GST મુદે ભારત બંધ: ભરૂચમાં નહીંવત અસર દેખાઈ



ભરૂચ,

પેટ્રોલ અને ડીઝલના ભડકે બળી રહેલાં ભાવોના પગલે મોંઘવારી વધી છે. ગરીબ અને મધ્યમવર્ગની હાલત એક સાંધતા તેર તુટે જેવી થઈ ચુકી છે. પેટ્રોલ અને ડીઝલના વધી રહેલાં ભાવો તથા ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સને લઈને ધ કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (કેટ)એ શુક્રવારના રોજ ભારત બંધનું એલાન આપ્યું હતું.ભારતમાં છેલ્લા બે સપ્તાહથી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં સતત વધારો થઈ રહયો છે. પેટ્રોલ અને ડીઝલના ભાવ વધવાના કારણે મોંઘવારી વધી છે. શાકભાજીથી માંડી અન્ય ચીજવસ્તુઓની કિમંતો વધી જતાં ગરીબ અને મધ્યમવર્ગની હાલત કફોડી બની ચુકી છે. પેટ્રોલ અને ડીઝલના વધી રહેલાં ભાવો ટ્રાન્સપોર્ટરોને જયારે ગુડસ એન્ડ સર્વિસ ટેકસના નિયમોમાં કરાયેલાં ફેરફારો વેપારીઓને દઝાડી રહયાં છે. દેશમાં હાલ જીએસટી અમલમાં છે પણ તેના નિયમોમાં ઘણા ફેરફાર કરવામાં આવ્યાં છે. નવા નિયમોમાં અધિકારીઓને વધુ સત્તા આપવામાં આવી હતી. હવે કોઈપણ અધિકારી કોઈપણ કારણોસર કોઈપણ વેપારી જીએસટી રજિસ્ટ્રેશન નંબર સસ્પેન્ડ અથવા કેન્સલ કરી શકે છે. બેંક ખાતાં અને સંપત્તિ પણ જપ્ત કરી શકે છે. ખાસ વાત એ છે કે આ કરતાં પહેલાં વેપારીને કોઈ નોટિસ આપવામાં આવશે નહીં. એ વેપારીઓના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન છે. નવા નિયમો સામે વેપારીઓ નારાજ છે.હવે વાત ટ્રાન્સપોર્ટરની કરીએ તો, ઈ-વે બિલની મર્યાદા ૧૦૦ કિ.મી.થી વધારીને ૨૦૦ કિ.મી. કરવામાં આવી છે. ૧ જાન્યુઆરીથી અમલમાં આવેલા નવા ઈ-વે બિલ નિયમથી ટ્રાન્સપોર્ટર્સ અને વેપારીઓ ચિંતિત છે. ખરેખર ૨૦૨૧-૨૨ના બજેટમાં ઈ-વે બિલની કલમ ૧૨૯માં બદલાવ કરવામાં આવ્યો છે. તદનુસાર, જો બિલમાં કોઈ ભૂલ થાય છે તો પછી ટેક્સ અને પેનલ્ટી બંને વસૂલવામાં આવશે, સાથે જ જે ટેક્સ અગાઉ પરત કરવામાં આવતો હતો એ હવે થશે નહીં. જો અજાણતાં એક નાની ભૂલ થાય છે તો પેનલ્ટી અને દંડ બેગણો વસૂલવામાં આવશે. આ કારણોસર શુક્રવારના રોજ ભારત બંધનું એલાન આપવામાં આવ્યું. ગુજરાતની વાત કરવામાં આવે તો ગુજરાતમાં બંધની નહિવત અસર જોવા મળી છે. ભરૂચ શહેર તથા જિલ્લામાં બજારો રાબેતા મુજબ ખુલ્યાં હતાં. રાષ્ટ્રવ્યાપી બંધનું એલાન હોવાના કારણે ભરૂચમાંથી પસાર થતાં નેશનલ હાઈવે પર અન્ય દિવસોની સરખામણીએ શુક્રવારે વાહનોની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો હતો. ટ્રકો તથા બીજા વાહનોની અવરજવરથી ભરચક રહેતાં હાઈવે પણ ખુબ ઓછી સંખ્યામાં વાહનો જોવા મળ્યાં હતાં.

## મધુશ્રીવાસ્તવને સવાલ કરતા ધારાસભ્યએ મતદારને ગણાવ્યો ગુંડો



વડોદરા,

વાઘોડિયાના ધારાસભ્ય મધુશ્રીવાસ્તવને સામે ભાજપના કાર્યકરે સવાલો ઉઠાવતા ધારાસભ્ય ફરી એકવાર વિવાદમાં આવ્યા છે. વાઘોડિયામા ચુંટણી પ્રચારની જાહેર સભામા ભાજપના કાર્યકરનો પિત્તો ગયો હતો અને કહ્યું હતું કે, વાઘોડિયાની ભાજપની એક મહિલા કાર્યકરની આબરુ લેવાની ધમકી કેમ આપી ? ભાજપના સાત સભ્યોને ટિકીટ કેમ ના અપાઈ ?

તુ કેવુ કામ કરે છે ? કંચનભાઈ ગરોડીયા નામના કાર્યકર્તાના સવાલથી મધુશ્રીવાસ્તવ સ્તબ્ધ થયા હતા. જાહેર મંચ પરથી આ દારુ પિધેલો છે, પોલીસને બોલાવો, તેમ મધુ શ્રીવાસ્તવે જણાવ્યું હતું. જોકે, ભાજપના કાર્યકરેએ દારૂ પીવે છે, હું પીતો નથી ગુંડા જેવા માણસે, મને મારી નાંખવાની ધમકી આપી એમ જણાવ્યું હતું.

## સરકાર કોઈ પણ કર્મચારીના પગાર અને પેન્શનને રોકી શકે નહીં: સુપ્રિમ કોર્ટ

ન્યુ દિલ્હી,

દેશની સુપ્રીમ કોર્ટે મહત્વનો ચુકાદો સંભળાવ્યો છે, સુપ્રીમ કોર્ટે પોતાના એક મહત્વપૂર્ણ નિર્ણયમાં જણાવ્યું છે કે સરકાર યોગ્ય કામના બદલામાં કોઈ પણ કર્મચારીના પગાર અને પેન્શનને રોકી શકે નહી. પગાર અને પેન્શનની ચુકવણીમાં વિલંબ થતાં સરકારે વ્યાજબી વ્યાજ ચૂકવવું જોઈએ. કોર્ટે આંધ્રપ્રદેશ સરકારને થોડા સમય માટે ટાળી દીધેલા પગાર અને પેન્શન પર છ ટકાના દરે વ્યાજ ચૂકવવાનો આદેશ આપ્યો છે. જોકે, આ કેસમાં હાઈકોર્ટે ૧૨ ટકા વ્યાજ દર નક્કી કર્યો હતો. આંધ્રપ્રદેશ સરકારે કોરોના મહામારીને કારણે આવેલા આર્થિક સંકટને ધ્યાનમાં રાખીને માર્ચ-એપ્રિલ ૨૦૨૦માં સરકારી કર્મચારીઓના પગાર અને પેન્શનને કેટલાક સમય માટે મુલતવી રાખ્યું હતું. સરકારે આ સંદર્ભે એક આદેશ પણ બહાર પાડ્યો હતો. જો કે પાછળથી એપ્રિલમાં, સરકારે ત્રણ વિભાગ સ્વાસ્થ્ય આરોગ્ય, પોલીસ અને સફાઈ કામદારોના ત્રણ વિભાગના સંપૂર્ણ પગારને પુનર્સ્થાપિત કર્યો હતો. બીજી તરફ અને ૨૬ એપ્રિલના રોજ પેન્શનરોની સંપૂર્ણ પેન્શન પણ પુન સ્થાપિત કરી હતી. પરંતુ તે દરમિયાન પૂર્વ જિલ્લા અને સેશન્સ જજે હાઈકોર્ટમાં એક મહત્વની અરજી દાખલ કરી હતી. તેમાં તેમણે જણાવ્યું હતુ કે તેમણે કર્મચારીને પગાર અને પેન્શન મેળવવાનો અધિકાર છે, અને રોકેલા પગાર અને પેન્શનની ચુકવણીની માંગ કરી હતી. હાઈકોર્ટે કહ્યું કે વેતન મેળવવું વ્યકિતના બંધારણ ધારા ૨૧માં મળેલ અધિકાર અને ધારા ૩૦૦એમાં મળેલ સંપત્તિના અધિકારમાં આવે છે. હાઈકોર્ટે આંધ્ર પ્રદેશ સરકારને ૧૨% વ્યાજ સાથે રોકેલ વેતન પાને પેન્શન આપવા આદેશ જારી કર્યો છે. આ નિર્ણયને અંદર પ્રદેશ સરકારે સુપ્રિમ કોર્ટમાં પડકાર્યો હતો. જો કે રાજય સરકારે માત્ર વ્યાજ આપવાના પહેલુંને જ પડકાર્યો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 158

## પંચમહાલમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ઉમેદવારો તથા તંત્ર સજ્જ

# શુક્રવારની સાંજથી પ્રચારના પડઘમ શાંત : ડોર ટુ ડોર અને ખાટલા બેઠકોનો દૌર શરૂ

ગોધરા,

પંચમહાલની સ્થાનિક સ્વરાજની ચુંટણીની ૨૬૬ બેઠકો સામે ૨૦ બિનહરીફ થતા હવે ૬૨૧ આટલા ઉમેદવારો ચુંટણી જંગમાં ઝંપલાવ્યું છે. કેટલાક સ્થળો એ કાંટાની ટકકર, ત્રિપાંખીયો જંગ વચ્ચે કાંટાની ટકકર જામી છે. મતદાનની આડે ગણતરીન કલાકો બાકી રહેતા ભાજપ અને કોંગ્રેસ સાથે અપક્ષો એ પ્રચારની અંદર એડી ચોટીનું જોર લગાવીને મતદારોને રીઝવવા માટે કાવાદાવા ખેલ્યા હતા. શુક્રવારની નમતી સાંજ ચુંટણીના પડઘમ શાંત થતાં ઉમેદવારો તથા તંત્ર વેતરાણી પાર કરવાની કવાયત હાથ ધરી છે.ક

દર પાંચ વર્ષે યોજાતી સ્થાનિક સ્વરાજની ચુંટણીના ભાગરૂપ પંચમહાલ જીલ્લામાં આવેલ સ્થાનિક સ્વરાજની ચુંટણીનો કાર્યક્રમ જાહેર થવાની સાથે રાજકીય ગરમાવો વ્યાપી ગયો હતો. અઠવાડિયા દરમ્યાન ઉમેદવારોની પસંદગી ના પસંદગી વચ્ચે આખરી ચહેરો ગોઠવી કરવામાં આવતાં રાજકીય ભૂકંપ સર્જાઈને બળવો કરીને અનેક પક્ષોમાં સામેલ થઈને રીતસર માનુસંસ્થાને પડકાર ફેંકયો હતો. ઉમેદવારી નોંધાવ્યા બાદ સક્ષમ ઉમેદવારો દ્વારા મતોની ગણતરીને નુકશાન ન પહોંચાડે અને કોઈપણ જાતની વાદવિવાદ વિના પોતાની દાવેદારી પરત ખેંચવા માટે સક્ષમ ઉમેદવારો શામ દામની નીતિ અપનાવા છતાં નારાજ ઉમેદવારો એ ચુંટણી લડી લેવાના મૂડમાં આવ્યા હતા. તંત્ર દ્વારા ચિન્હ ફાળવણી થતાં રીતસર મુખ્ય ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોને પડકાર ફેંકીને ચુંટણી લડી લેવાનું મન બનાવ્યું હતું. ગત અઠવાડિયા થી જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગોધરા, શહેરા નગર પાલિકા માટેનું ચુંટણી ચિત્ર સ્પષ્ટ થવાની સાથે પ્રચારનો કાઉનડાઉન શરૂ થયું હતું. શરૂઆતના દિવસોમાં ઉમેદવારોની સ્પષ્ટ નીતિ તથા સમર્થકોના પ્રચાર પ્રસાર મતદારો સુધી નહિ પહોંચતા મોળું અભિયાન જોવા મળ્યું હતું. અંદર ખાનગી અને ટેકેદારોને લઈને છેવટે જાહેરમાં પ્રચાર પ્રસાર શરૂ કરવામા આવતાં ગુરૂવારના રોજની અભિયાન પરાકાષ્ટા એ પહોંચ્યું હતું. ગત દિવસોમાં અંદર ખાનગી પેનલ બનાવીને મતદારોને રીઝવવાના પ્રયત્નો કર્યા બાદ છેવટે પોતાની પેનલ જાહેર કરવામાં આવીને પ્રચાર યુદ્ધ છેડવામાં આવ્યું હતું. ગુરૂવારની સવાર થી પ્રચાર અભિયાન તેમજ ગતિએ બનાવીને મતદારોને રીઝવવાનો પ્રયાસ કરીને ભૂતકાળમાં કરાયેલા વિકાસના કામોના લેખાજોગા કરી રહ્યા છે. એટલું જ નહિ પણ પોતાના સમર્થકોની બહોળી સંખ્યા એકત્રિત કરીને મતદાન વિસ્તારને ખુંદી વળવાની સાથે અડધી રાત સુધી ખાણીપીણીનો જલ્સા કાર્યક્રમ યોજીને ભીડ દેખાડવાના પ્રયત્ન કર્યા છે. સમગ્ર જીલ્લામાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે મુખ્ય સ્પર્ધા છે. પરંતુ ગોધરા નગર પાલિકાની ચુંટણીમાં અપક્ષોનો રાફડો ફાટતા ત્રિકોણીયો જંગ જામનાર છે. આ સિવાય જીલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતમાં ત્રિકોણીય જંગ જામનાર છે.

પંચમહાલ જીલ્લાની સ્થાનિક સ્વરાજની ચુંટણી જગ ઉપર નજર નાખવામાં આવે તો. જીલ્લા પંચાયતની કુલ ૩૮ બેઠકો સામે ૮૫ ઉમેદવારો ૪ બિનહરીફમાં

### નગર પાલિકાના વોર્ડ અને ઉમેદવારો

| પાલિકા | વોર્ડ | ઉમેદવારો |
|---|---|---|
| ગોધરા | ૧૧ | ૧૮૭ |
| શહેરા | ૦૬ | ૦૨૨ |
| કુલ | ૧૭ | ૨૦૯ |

શહેરાની ૩ બેઠકો જ્યારે ઘોઘંબાની ૧૪ બેઠકો પૈકી ૧ બેઠક બિનહરીફ થઈ છે. તેવી રીતે ૭ તાલુકા પંચાયતની ૧૭૮ બેઠકો ઉપર ૩૪૭ ઉમેદવારો એ દાવેદારી નોંધાવતાં કાલોલ બિનહરીફ ૨, હાલોલ-૧ જયારે શહેરા ૧૧ બિનહરીફ મળી કુલ ૧૪ બેઠકો બિનહરીફ જાહેર થઈ છે. તેવી રીતે શહેરા નગર પાલિકાના ૬ વોર્ડની ૨૨ બેઠકો પૈકી ૨ બીજેપી ઉમેદવારો બિનહરીફ થઈ છે. શુક્રવારની નમતી સાંજ થી ચુંટણીના પડઘમ શાંત થવાની સાથે રેલીઓ

### સ્થાનિક સ્વરાજની ચુંટણીની બેઠકો

| | |
|---|---|
| તાલુકા | - ૧૭૮ |
| જીલ્લા | - ૩૮ |
| ગોધરા પાલિકા | - ૪૪ |
| શહેરા પાલિકા | - ૦૬ |
| કુલ :- | - ૨૬૬ |

તથા મેડાવળા પ્રસંગો તથા પ્રચાર પ્રસારનો આચારસંહિતાનો પ્રતિબંધ લાગવામાં આવીને જાણે ઉમેદવારો હોમ કોરન્ટાઈનને ગણ્યા ગાંઠયા સમર્થકો સાથે ડોર ટુ ડોર અને ખાટલા બેઠકો યોજીને મતદારોને રીઝવવાનો તન-મન- ધન થી પ્રયત્ન કરનાર છે. જેના બીજા દિવસે શનિવારે કતલની રાત ગણાતા ઉમેદવારો માટે વન ડે, ટવેન્ટી ટવેન્ટી ખેલાવાની હોવાથી ઉમેદવારો શામ-દામ-દંડ-ભેદ થી રીઝવવાના પ્રયત્નો હાથ

### સ્થાનિક સ્વરાજના ચુંટણીમાં ઉમેદવારો

| | |
|---|---|
| તાલુકા | - ૩૮૮ |
| જીલ્લા | - ૮૬ |
| ગોધરા પાલિકા | - ૧૮૭ |
| શહેરા પાલિકા | - ૨૨ |
| કુલ | - ૬૮૩ |
| બિનહરીફ | - ૧૯ |
| કુલ ઉમેદવારો | - ૬૬૪ |

ધર્યા બાદ કેટલા મતદાન મથકો સુધી પહોંચી શકે તે અગત્યું ગણાશે. ભાજપ માટે પેજ કમીટીના હોદ્દેદારોને માથે જવાબદારી નાખીને લખલુંટ નાણાંની રેલમછેલ કરવાનું મન બનાવ્યું છે. બીજી તરફ તંત્ર દ્વારા શાંતિ અને નિષ્પક્ષ પણે ચુંટણી યોજવા માટે સ્ટાફની ફાળવણી સાથે પુરતો બંદોબસ્ત ગોઠવામાં આવ્યો. સીસી ટીવી કેમેરા, ઈ.વી.એમ.

### સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં પંચમહાલ જીલ્લામાં સંવેદનશીલ અને અતિસંવેદનશીલ બુથ

| તાલુકા | સંવેદનશીલ બુથ | અતિસંવેદનશીલ બુથ |
|---|---|---|
| ગોધરા | ૧૦૧ | ૫૧ |
| કાલોલ | ૬૪ | ૨૭ |
| હાલોલ | ૩૩ | ૩૭ |
| ઘોઘંબા | ૪૭ | ૦૦ |
| જાંબુઘોડા | ૧૭ | ૦૦ |
| મોરવા(હ) | ૧૭ | ૩૪ |
| શહેરા | ૩૦ | ૫૦ |
| કુલ | ૩૦૯ | ૧૯૫ |

મશીન, ડીઝીટલ ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સાથે સાથે સોશ્યલ ડિસ્ટન્સ જાળવીને કોરોનાના સંક્રમણને અટકાવવાની તકેદારી રાખવામાં આવી છે. ખાસ કરીને અતિસંવેદનશીલ મતદાન મથકો ઉપર ચાંપતો પોલીસ બંદોસ્ત ગોઠવામાં આવ્યો છે.

## સ્થાનિક સ્વરાજની ચુંટણીને લઈ ઘોઘંબા તાલુકાની મુલાકાત લેતાં જીલ્લા કલેકટર

ઘોઘંબા,

ઘોઘંબા ખાતે માનનીય કલેકટર અમિત અરોરા તેમજ પંચમહાલ જિલ્લા એસપી લીના પાટીલ મેડમ દ્વારા ઘોઘંબાના સંવેદનશીલ વિસ્તારો ની મુલાકાત લેવામાં આવી હતી. જેમાં રાજગઢ પોલીસ સ્ટેશન તેમજ દામાવાવ પોલીસ સ્ટેશન ના અધિકારીઓ સાથે મીટિંગ કરી પોલીસ સ્ટાફની ફાળવણી કરવામાં આવી હતી. ૨૮ તારીખને રવિવારના રોજ કલેક્ટર દ્વારા રાજગઢ પોલીસ સ્ટેશનમાં ૧૧૧ બેઠક ઉપર ૧૨૦ પોલીસ હોમગાર્ડ,૧૭૧ એસ.આર પી, ૮ એસઆરપી, ૮ ડીવાયએસપી, ૧


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

પીઆઈ, ૧ પીએસઆઈ એક ઉપરાંત અમદાવાદ શહેર પોલીસ તેમજ ટ્રેનિંગ સેન્ટર ની મહિલા લેડીઝ પોલીસ સાથે આજરોજ ઘોઘંબા ખાતે ઘોઘંબાના રાજગઢ પોલીસ સ્ટેશનના પીએસઆઇ આર.આર.ગોહિલ તેમજ દામાવાવ પી.એસ.આઇ અલ્કેશભાઇ ને સાથે વાતચીતમાં કલેક્ટર એ કડક શબ્દોમાં રાયણ મુવાડા ખાતે ચૂંટણી અધિકારી ઘોઘંબા તથા ઝોનલ ઓફિસર ને માર્ગદર્શન આપ્યું હતું. તે ઉપરાંત નિર્ભય અને નિષ્પક્ષ રીતે મતદાન થાય તે માટે ખાસ સુચના આપવામાં આવી હતી. તેમજ કડક શબ્દોમાં જણાવ્યું હતું તથા કોઈ પણ વ્યકિત કાયદો હાથમાં લેશે કે કાયદાનો ભંગ કરશે તો છોડવામાં આવશે નહીં કાયદો કાયદાનું કામ કરશે તેઓ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી.

## મોરવા-હડફ વિધાનસભા બેઠક પર પેટાચૂંટણીની થઈ શકે છે જાહેરાત

મોરવા(હ),

ગુજરાત વિધાનસભાની મોરવા-હડફ બેઠક પર પેટાચૂંટણીની તારીખ આજે જાહેરાત થઈ શકે છે. આ બેઠક પર અપક્ષ તરીકે ચૂંટાયેલા ભૂપેન્દ્ર ખાંટનું જાન્યુઆરી મહિનામાં લાંબી માંદગી બાદ અવસાન થયું છે. જે બાદ આ બેઠક ખાલી પડી રહી છે. જેના માટે ચૂંટણી પંચ પેટાચૂંટણી યોજવાની તારીખની જાહેરાત કરી શકે છે. પંચમહાલ જિલ્લાની આદિવાસી અનામત બેઠક મનાતી મોરવા હડફ પરથી અપક્ષ તરીકે ચૂંટાયેલા ભૂપેન્દ્ર ખાંટના ધારાસભ્ય પદને લઈને વિવાદ થયો હતો. જેમાં ભૂપેન્દ્ર ખાંટના જાતિ પ્રમાણ પત્રને લઈને હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. આ બેઠક પર ઉપર ભાજપના ઉમેદવારે અપક્ષ ઉમેદવાર તરીકે ઉભેલા ભૂપેન્દ્ર ખાંટ આદિવાસી નહીં હોવાનો આક્ષેપ કર્યો હતો.

ભૂપેન્દ્ર ખાંટ વિરૂદ્ધ જાતિ પ્રમાણપત્રને લઈને કોર્ટમાં કેસ ચાલી રહ્યો હતો. જેના પગલે વિધાસભામાં અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ મોરવા હડફના અપક્ષ ધારાસભ્ય ભૂપેન્દ્ર ખાંટ સામે કાર્યવાહી કરી તેમને સસ્પેન્ડ કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ચૂંટણી પંચ આજે સાંજે ૪:૩૦ કલાકે પત્રકાર પરિષદ સંબોધશે. જેમાં ૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ માટે ચૂંટણીની તારીખોની જાહેરાત થઈ શકે છે. પશ્ચિમ બંગાળ, અસમ, પોંડિચેરી, તમિલનાડુ અને કેરળમાં વિધાનસભા ચૂંટણીની તારીખોની આજે જાહેરાત કરવામાં આવી શકે છે. આ સાથે જ ગુજરાતની એક બેઠક પર પેટાચૂંટણી અંગેની પણ તારીખ જાહેર થઈ શકે છે.

## નદીસર જીલ્લા પંચાયત બેઠક પર પ્રચાર પડઘમ શાંત

નદીસર,

પંચમહાલ જીલ્લાની ૨૦-નદીસર જીલ્લા પંચાયત બેઠક પર ચુંટણી જંગ જીતવા ભાજપ -કોંગ્રેસે એડી ચોટીનું જોર લગાવી દીધું છે.

૨૦-નદીસર જીલ્લા પંચાયત અને તેના નીચે ચાર તાલુકા પંચાયત બેઠક નદીસર, રતનપુર, જુનીધરી અને ટીંબાગામ બેઠક પર આ વખતે કોંગ્રેસ-ભાજપ વચ્ચે સીધો જંગ છે. સૌથી મહત્વની નદીસર જીલ્લા પંચાયત સીટ પર કોંગ્રેસના ઉમેદવાર ગત ટર્મમાં તાલુકા પંચાયતમાં કારોબારી અધ્યક્ષ રહી ચુકેલ નદીસરના માજી સરપંચ ભાથીભાઈ પરમાર જ્યારે પ્રતિ સ્પર્ધી ભાજપના ઉમેદવાર તરીકે અમીતકુમાર રયજીભાઈ પરમાર વચ્ચે જંગ છે. હાલ તો બન્ને ઉમેદવારો વચ્ચે કાંટે કી ટકકર જણાઈ રહી છે. તાલુકા પંચાયતોની ચાર બેઠક પર પણ સ્થાનિક સમીકરણોથી લડાતી ચુંટણીમાં જંગ પેચીદો રહેશે. ભાજપના ડીજીટલ પ્રચાર સાથે અહીંયા કોંગ્રેસે ડોર ટુ ડોર મતદારોના સંપર્ક સાધ્યો છે. સ્ટાર પ્રચારકોમાં શહેરાના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડે સમગ્ર વિસ્તારમાં સભાઓ ગજવી ભાજપ માટે મત માંગ્યા હતા. તો કોંગ્રેસ તરફ પૂર્વ કેન્દ્રીય મંત્રી ભરત સોલંકી એ રેલી કરી હતી અને કોંગ્રેસ માટે મત માંગ્યા હતા. નિયમ મુજબ ગત સાંજે ૫ કલાકે જાહેર પ્રચાર બંધ થઈને ખાટલા બેઠકો અને મતદારોનો સીધો સંપર્ક શરૂ થયો હતો.

## પંચમહાલ જીલ્લામાં ૮ કોરોના કેસ નોંધાયા

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં ધીમા પગે કોરોના માંથુ ઉંચકી રહ્યો છે. આજરોજ જીલ્લામાં ૮ કોરોના કેસ નોંધાવા પામ્યા છે. કોરોના સંક્રમિત કેસ વધારો થતાં આરોગ્ય તંત્ર સતર્ક બન્યું છે.

પંચમહાલ જીલ્લામાં સ્થાનિક સ્વરાજની ચુંટણી યોજાનાર છે. ચુંટણી પ્રચાર પ્રસારમાં કોઈપણ જાતની કોરોના ગાઈડ લાઈનનું પાલન કરવામાં આવ્યું નથી. જેને લઈ કોરોના સંક્રમિત કેસ વધી રહ્યા છે. જીલ્લામાં ચુંટણી જાહેરાત પહેલા કોરોના કેસ બંધ થયા હતા. જે ચુંટણી પ્રચાર-પ્રસાર બાદ અચાનક વધારો જોવા મળ્યો છે. ૨૬ ફેબ્રુઆરીના રોજ જીલ્લામાં ૮ કોરોના સંક્રમિત કેસ નોંધાયા છે. જેમાં ગોધરા-૨, કાલોલ-૨, હાલોલ-૪ આવ્યા છે. હાલ સક્રિય કેસ-૪૧ સારવાર હેઠળ છે.

## મોંઘવારીનો માર સહન કરતા જગતના તાત ઉપર વધારાનો બોજ નાખ્યો

- રાસાયણીક ખાતરના ભાવોમાં ધરખમ વધારો કરાયો.
- ૧ માર્ચથી નવા ભરેલ રાસાયણીક ખાતર ખરીદવું પડશે.

ગોધરા,

ગુજરાત રાજ્યના ખેડુતોની મુશ્કેલીઓ ઓછી થવાને બદલે દિવસે-દિવસે વધી રહી છે. હાલ ખેડુતો મોંઘવારીનો માર સહન કરી રહ્યા છે. તેમાં વધારો થયો છે. ૧ માર્ચ થી રાસાયણ ખાતરના ભાગમાં ધરખમ વધારો લાગુ થવાનો છે. રાસાયણ ખાતર ઉપર વધેલ ભાવને લઈ ઉનાળું ખેતી કરતાં ખેડુતો ચિંતીત બન્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા ખેડુતોને સારા ભાવ મળે તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. તેવી જાહેરાતો કરી રહ્યા છે. ખેડુતોનું જીવન ધોરણ ઉંચુ લાવવાની સુફિયાણી વાતો કરવામાં આવી છે. ગુજરાત રાજ્યમાં ખેડુતો ચોમાસાની સીઝનમાં વધુ વરસાદ લઈને પાક નિષ્ફળ જવા જેવી સ્થિતી સહન કરી ચુકયો છે. શિયાળુ ખેતી માંડ તૈયાર કરવાની વેતરણમાં પડ્યા છે. ખેડુતોને મોંઘવારીમાં પરિવારના ખર્ચા સાથે ખેતી કરવામાં ભારે મુશ્કેલીઓ વેઠવી પડતી હોય છે. પણ જગતના તાતની મુશ્કેલીઓ અવનવારૂપે તેમનો પીછો છોડતી નથી. દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ વધી રહ્યા છે. ત્યારે ડીઝલના ઉપયોગ કરી ખેતી ઉપર નભતા ખેડુતોની ભાવ વધારાને લઈ કમર તોડી નાખી છે. ત્યારે ખેડુતોની મુશ્કેલીમાં વધારો થયો છે. ૧ માર્ચ થી રાસાયણીક ખાતરના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. માર્ચ મહિનાથી ડીએપી ખાતરમાં ૩૦૦ રૂપીયાનો વધારો કરાયો છે. જે અત્યાર સુધી ડીએપી ૧૨૦૦ રૂપીયામાં મળતું હતું. તેના ૧૫૦૦ રૂપીયા ચુકવવા પડશે. એએસપી ખાતરમાં ૧૭૫ રૂપીયા વધારો થતાં એએસપીનો ૧૧૫૦રૂપીયા ચુકવવાનો રહેશે. એનપીકે ખાતરમાં ૨૨૫ રૂપીયા વધારો કર્યો છે. જેને લઈ જે ૧૧૭૫ ભાવ હતો. તેની જગ્યાએ ૧૪૦૦ રૂપીયા વધારેના ચુકવા પડશે. રાસાયણીત ખાતરમાં જે રીતે ભાવ વધારો કરી રહી છે. તે જોંતા આવનાર ભવિષ્યમાં ખેડુતો ખેતીનો વ્યવસાય છોડી દેવાનો વારો આવ્યો છે. ખાતર ઉપર વધારવા આવેલા ભાવને લઈ ખેડુતોની મુશ્કેલીમાં વધારો થયો છે.

## પંચમહાલ સ્થાનિક સ્વરાજની ચુંટણીને પોલીસ તંત્ર સજ્જ બન્યું

પંચમહાલમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી ૨૮મીના રોજ યોજાનાર છે. જેને લઈ પોલીસ તંત્ર સજ્જ બન્યુ છે. ચૂંટણીને ધ્યાને રાખીને સુરક્ષાનો એકશન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં ૫ ડીવાયએસપી, ૧૫ પીઆઈ, ૪૪ પીએસઆઈ, ૨ કંપની એસઆરપી, ૧ કંપની સી.આઈ.એસ.એફ, ૧૧૬૭ હોમગાર્ડ, ૯૦૨ જેટલા જીઆરડી જવાનો નો સમાવેશ થાય છે. સાથે વિડીયોગ્રાફરો ઘોડેસવાર પણ ચૂંટણી બંદોબસ્ત માં તૈનાત રહેનાર છે. પંચમહાલ જીલ્લામાં કુલ ૪૦૦૦ થી વધુ પોલીસ જવાનો ખડેપગે રહી ચૂંટણી પ્રક્રિયામાં જોડાશે આ ઉપરાંત ઈવીએમ સ્ટ્રોંગ રૂમ પર એસઆરપીનો બંદોબસ્ત ગોઠવવામાં આવનાર હોવાનું જાણવા મળી રહ્યું છે. ચૂંટણીને લઈને હથિયારો જમા લઈ લેવાયા છે. તો કેટલાક લોકો વિરૂદ્ધ વોરંટ ઈશ્યૂ કરાયા છે, અમુક નાસતા ફરતા આરોપીઓને પણ પકડી લેવાયા છે. મતદારો ભય વિના મતદાન કરી શકે તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. આ માટે વધારાના પોલીસ પેટ્રોલિંગની અને પોલીસ ફોર્સની પણ ગોઠવણ કરવામાં આવેલી છે.

૦૫- ડીવાયએસપી,
૧૫- પીઆઈ,
૪૪- પીએસઆઇ,
૦૨- કંપની એસઆરપી,
૦૧- કંપની સી.આઈ.એસ.એફ.
૧૧૬૭-હોમગાર્ડ,
૯૦૨- જેટલા જીઆરડી જવાનો.

## મોરવા હડફ તાલુકાના કુવાઝર ગામે છકડો પલ્ટી

મોરવા(હ),

મોરવા હડફ તાલુકાના કુવાઝર ગામે છકડો પલ્ટી ખાદો ખુદરા થી કુવાઝર ચોકડી તરફ જય રહ્યો હતો. તે દરમિયાન છકડા નું ઈસ્ટેરિંગ પરનું કાબૂ ગુમાવતાં કુવાઝર તળાવ પાસે ગાડી નંબર Gj 06 AY 8471 નંબરનો અતુલ શકિત છકડો પલ્ટી ખાદો. છકડામાં બે અજાણ્યા યુવક બેઠેલા હતા. તે દરમિયાન એક વ્યક્તિ ને બે (૨) પગ ભાંગી ગયા અને બીજી વ્યક્તિ ને પગ અને પાછળના ભાગે ઈજા પોહચી હતી.

છકડો પલ્ટી મારતાં આજુ બાજુના નાં વ્યક્તિ ઓ ઘટના સ્થળે પહોંચી ગયો અને છકડા માંથી બન્ને વ્યક્તિ ને છકડા માંથી બહાર નીકળ્યા અને ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવીને તાત્કાલિક મોરવા સી.એચ.સી. ખાતે મોકવામાં આવ્યા.

## નદીસરના વિવિધ માર્ગોનું નવિનીકરણ જરૂરી

નદીસર,

ગોધરા તાલુકાના નદીસર પંથકના વિવિધ માર્ગોનું સમારકામ અને નવિનીકરણ જરૂરી બન્યું છે. ઉબડ-ખાબડ માર્ગોના કારણે વાહન ચાલકો અને મુસાફરોને મોટી તકલીફ પડે છે.

ગોધરા તાલુકાના પશ્ચિમ વિસ્તારના મોટા ગામ નદીસરના આસપાસના માર્ગો જેવાં કે નદીસર-ઉજળા ચોકડીનદીસર-ઉદલપુર તેમજ નદીસર-ટોળાના મુવાડા, ખજુરી(ન) માર્ગ અને કબીરપુર-રતનપુર-વિંઝોરા માર્ગનું છેલ્લામ ઘણાં સમય થી રીપેરીંગ થયું નથી. અને વારંવાર થાગળ-ઢીંગળ કરીને તંત્ર દ્વારા ચલાવવામાં આવે છે. જેમાં સ્ટેટ માર્ગ નદીસર ઉદલપુરનું તો કામ ચાલુ થવાનું હોવાનું જાણવા મળે છે. ત્યારે નદીસર-ઉદલપુર સ્ટેટ માર્ગ પર નદીસર હાઈસ્કુલ થી વાવ સુધીનો વચ્ચેનો માર્ગ પંચાયતના તાબામાં આવે છે. જે સ્ટેટવાળાના તાબામાં ન આવતો હોય જયારે આ માર્ગનું નવિનીકરણ થાય છે. ત્યારે સદર પંચાયત વિસ્તારનો આશરે એકાદ કિ.મી.નો માર્ગ રહી જાય છે. ત્યારે તંત્ર દ્વારા તાત્કાલીક એકશનમાં આવી સદર માર્ગોનું નવિનીકરણ કરવા લોક માંગ ઉઠી છે.

## ગોધરાના પશ્ચિમમાં આવેલા વોર્ડ નં.૬ ના સૌથી શિક્ષિત ઉમેદવાર તરીકે અનસ ફારૂક અંધી



વિસ્તારના લોકો મતદાન કરવા ખુબજ આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે અને પ્રજા આ વખતે ખુબજ આક્રમક છે અને તેનું કારણ પાછલા વર્ષોમાં વિસ્તારના લોકોને પ્રાથમિક સુવિધાઓ મળી નથી અને પ્રજાના સુખાકારીના પ્રશ્નોને હલ કરવામાં પાછલા સભ્યો સદંતર નિષ્ફળ નિવડ્યા છે અને આ ચૂંટણીની વાતો વચ્ચે આ વખતે મુસ્લિમ વિસ્તારના લોકો પોતાના મતના હકદાર શિક્ષિત ઉમેદવારોને ગણી રહ્યા છે. ગોધરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં ચૂંટણી અગાઉથી મારો ઉમેદવાર શિક્ષિત ઉમેદવારનું અભિયાન ચાલી રહ્યુ છે અને પ્રજા તરફથી આ અભિયાન સફળતા તરફ આગળ વધી રહ્યુ છે અને ગોધરા બનાવ્વામાં મહત્વની ભૂમિકા ભજવનાર યુવા અનસ ફારૂક અંધીએ વોર્ડ નંબર ૬ માંથી પોતાની અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. વિસ્તારના અવિકસિત ચિત્રને બદલવાની ખેવના સાથે ચૂંટણી જંગમાં ઉતરેલા અનસ ફારૂક અંધીને ભારે જન સમર્થન મળી રહ્યું છે. સમગ્ર મુસ્લિમ વિસ્તારના સૌથી શિક્ષિત ઉમેદવાર તરીકે અનસ ફારૂક અંધીને લોકો એક બદલાવ અને વિકાસની રાજનિતી સમજીને જોઈ રહ્યા છે. મસમોટો પગાર અને પ્રતિષ્ઠિત હોદ્દાનો ત્યાગ કરી ચૂંટણી જંગ ઉતરેલા અનસ ફારૂક અંધીએ મુસ્લિમ વિસ્તારના યુવાનોમા અને મતદારોમાં એક વિકાસની આશ જગાવી છે. જયારે અન્ય વિસ્તારોમાં પણ

- મારો ઉમેદવાર શિક્ષિત ઉમેદવાર અભિયાનને ભારે જનસમર્થન.
- વોર્ડ નંબર ૬ ના ઉમેદવાર અનસ ફારૂક અંધી મુસ્લિમ વિસ્તારના સૌથી શિક્ષિત ઉમેદવાર.
- અમદાવાદના રીવર ફ્રન્ટ પ્રોજેક્ટમાં મહત્વની ભૂમિકા ભજવનાર અનસ ફારૂક અંધી જીતીને વિસ્તારનો વિકાસ કરવા માંગે છે.

ગોધરા,

ગોધરા નગર પાલીકાની ચૂંટણીના પ્રચાર પ્રસારના પડઘમ શાંત થઈ ગયા છે. હવે આવતી કાલ રવિવારે પાલીકાનની ચૂંટણી થવા જઈ રહી છે ત્યારે આ વખતે શહેરના પશ્ચિમ મુસ્લિમ વિસ્તારના પાલિકા ચૂંટણીના ઈતિહાસમાં પ્રથમ વખત શિક્ષિત ઉમેદવારો મેદાનમાં ઉતર્યા છે અને કંઈક બદલવાની ભાવના સાથે ચૂંટણી જંગમાં ઉતરેલા ઉમેદવારોને ભારે આવકાર મળી રહ્યો છે. ત્યારે અમદાવાદ રીવર ફ્રન્ટ શિક્ષિત ઉમેદવારો તરફ પ્રજા આકર્ષિત થયેલી છે. એટલે આ વખતે મુસ્લિમ વિસ્તારમાં મતદારો પક્ષ સગાવાદ અને મોહલ્લાવાદથી ઉપર જઈ શિક્ષિત ઉમેદવારોને વોટ કરશે તેવા માહોલની જમાવટ થયેલી દેખાય છે. *****




## ગોધરા નગર પાલિકાના વોર્ડ નંબર-૪ ના BJP ઉમેદવાર જીતેન્દ્રકુમાર ધરમદાસ સાવલાણી (જે.ડી.)

ગોધરા,

ગોધરા નગર પાલિકાના વોર્ડ નંબર-૪ના ભાજપ ઉમેદવાર જીતેન્દ્રકુમાર ધરમદાસ સાવલાણી (જે.ડી.) સેવાભાવિ અને યુવા હોય સાથે વોર્ડ વિસ્તારના વિકાસલક્ષી કામો માટે જાગૃત તેમજ તેના નિવારણ પ્રયત્નો કરી સુખદ પરિણામો મેળવ્યા છે. કોરોના કાળમાં લોકડાઉનના સમયગાળામાં ગરીબ અને જરૂરીયાતમંદ લોકોને શાકભાજી, દુધ, કરીયાણા જેવી સેવા પુરી પાડીને ઉમદા કામગીરી કરે છે. વોર્ડ વિસ્તારમાં ઠેરઠેર આવકાર મળી રહ્યો ત્યારે વોર્ડ વિસ્તારના મતદારોને ભાજપના ઉમેદવારને ૨૮ ફેબ્રુઆરીના રોજ મત આપી અને અપાવી વિજય બનાવશો.

| અનું. નં. | અપક્ષ ઉમેદવાર | નિશાન | બટન |
|---|---|---|---|
| ૨ | જીતેન્દ્રકુમાર ધરમદાસ સાવલાણી (જે.ડી.) | | |

ચૂંટણી મતદાન તારીખ : ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૧ સમય : સવારે ૭:૦૦ થી સાંજે ૬:૦૦ સુધી

ગોધરા વોર્ડ નં.૫ ના સેવાભાવી અપક્ષ ઉમેદવારને

આપનો કિમતી અને પવિત્ર મત આપી અપાવી વિજયી બનાવશોજી. એક મત આપજો.... એક તક આપજો....

## મયુરકુમાર જશવંતલાલ પટેલ
(ડુંગરી-બટાકાવાળા પિન્ટુભાઈ)



| અનું. નં. | અપક્ષ ઉમેદવાર | નિશાન | બટન |
|---|---|---|---|
| ૯ | મયુરકુમાર જશવંતલાલ પટેલ (પિન્ટુભાઈ) | | |

ચૂંટણી મતદાન તારીખ : ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૧ સમય : સવારે ૭:૦૦ થી સાંજે ૬:૦૦ સુધી